CMYK

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, મહા પૂનમ

વર્ષ : ૧૫
અંક : ૨૦૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ



### રશિયા-યુક્રેનના સમાધાનમાં ભારત ભૂમિકા ભજવી શકે : ઈરીના બોરોવેટસ

। (એજન્સી) કીવ, તા.૨૩ ।

રશિયા અને યુક્રેનના જંગને બે વર્ષ પૂરા થવા આવ્યા છે. હજી પણ બંને દેશોની સેનાઓ એક બીજા સામે લડી રહી છે. બંને પક્ષોએ ભારે ખુવારી પણ થઈ છે. જોકે બેમાંથી કોઈ પીછેહઠ કરવા માટે તૈયાર નથી. આ યુધ્ધનો નજીકના ભવિષ્યમાં કોઈ અંત દેખાઈ રહ્યો નથી પણ યુક્રેનના ડેપ્યુટી વિદેશી મંત્રીએ ભારતને લઈને મહત્વનુ નિવેદન આપ્યુ છે. ડેપ્યુટી વિદેશ મંત્રી ઈરીના બોરોવેટસે ભારતને ગ્લોબલ સાઉથનો અવાજ ગણાવીને કહ્યુ છે કે, રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધનુ શાંતિપૂર્ણ સમાધાન શોધવા માટે ભારતે મહત્વની ભૂમિકા ભજવવાની જરુર છે. તેમણે આગળ કહ્યુ હતુ કે, યુક્રેને માર્ચમાં સ્વિત્ઝરલેન્ડમાં યોજાનારા વૈશ્વિક શાંતિ શિખર સંમેલન માટે ભારતને આમંત્રણ આપ્યું છે. ભારતની વૈશ્વિક સ્તરે મહત્વની ભૂમિકા છે.

### ડોનર ગેમેટનો ઉપયોગ કરીને સરોગેસીની મંજૂરી અપાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

કેન્દ્ર સરકારે સરોગેસી માટે માં-બાપ બનવાનું સપનું દેખાડવા માટે આશાનું એક નવું કિરણ દેખાડ્યું છે. આવો જાણીએ કે, સરોગેસી નિયમમાં શું ફેરફાર આવ્યા છે અને શું ફેરફાર આવવાના છે. સરોગેસી દ્વારા માતા-પિતા બનવાનું સપનું જોનારા માટે કેન્દ્ર સરકારે નવો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે પોતાના નવા નિર્ણયમાં સરોગેસી નિયમ, ૨૦૨૨માં સંશોધન કર્યુ છે, જેથી ડોનર ગેમેટના એગ્સ અને સ્પમનો ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. આની સાથે એ શરત રાખી છે કે, કપલમાંથી એકની તબીબી સ્થિતિ જે તેમને તેમના ગેમેટનો ઉપયોગ કરવામાં અસમર્થ બનાવે છે. સરકાર દ્વારા જાહેર કરાયેલ સરોગેસી સંશોધન નિયમ ૨૦૨૪માં કહેવામાં આવ્યું છે કે, જિલ્લા મેડિકલ બોર્ડે આ પ્રમાણિત કરવું પડશે કે પતિ અથવા પત્નીમાંથી કોઈ એક એવી સ્થિતિથી પીડિત છે.

### ૧૪ માર્ચે દિલ્હીમાં ખેડૂત-મજૂર મહાપંચાયતનું આયોજન કર્યું

# ૨૬ ફેબ્રુઆરીએ ટ્રેક્ટર આક્રોશ રેલીની જાહેરાત, હાઈવે કરશે બ્લોક

### જોગીન્દર ઉગરાહા, દર્શનપાલ, રવિન્દર પટિયાલા, બલબીર રાજેવાલ, યુદ્ધવીર સિંહ, હન્નાન મૌલા, રાકેશ ટિકૈત સહિત ઘણા ખેડૂત નેતાઓએ બેઠકમાં ભાગ લીધો હતો

। નવી દિલ્હી, તા.૨૩ ।

સંયુક્ત કિસાન મોરચા એ પંજાબ-હરિયાણા વચ્ચે જીંદની ખનૌરી બોર્ડર પર ખેડૂત શુભકરણ સિંહના મૃત્યુના મામલામાં હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ અને રાજ્યના ગૃહ પ્રધાન અનિલ વિજ સામે હત્યાનો કેસ નોંધવાની અને રૂપિયાનું વળતર આપવાની માંગ કરી છે. મૃતકના પરિવારને ૧ કરોડ આપવાની માંગ કરી છે.

આ ઘટનાના વિરોધમાં મોરચાએ શુક્રવારે બ્લેક ડે મનાવવાની જાહેરાત કરી છે, સોમવારે દેશભરના રાજમાર્ગો પર ટ્રેક્ટર આક્રોશ રેલી અને ૧૪ માર્ચે દિલ્હીમાં ખેડૂત-મજૂર મહાપંચાયતનું આયોજન કર્યું છે. ખેડૂતોએ શુક્રવારે કેન્દ્રીય ગૃહમંત્રી, સીએમ અને વિજના પૂતળા દહન કરવાની પણ જાહેરાત કરી છે. ચંદીગઢમાં જીદ્દસ નેતાઓની બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જોગીન્દર ઉગરાહા, દર્શનપાલ, રવિન્દર પટિયાલા, બલબીર રાજેવાલ, યુદ્ધવીર સિંહ, હન્નાન મૌલા, રાકેશ ટિકૈત સહિત ઘણા ખેડૂત નેતાઓએ બેઠકમાં ભાગ લીધો હતો. ખેડૂતોના આંદોલનના સમર્થનમાં અને શુભકરણના મોતના



વિરોધમાં પંજાબમાં ખેડૂત સંગઠનોએ ત્રણ કલાક સુધી હાઈવે બ્લોક કરીને વિરોધ કર્યો હતો. અંબાલા પોલીસે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ ખેડૂત નેતાઓ વિરુદ્ધ કાર્યવાહીની જાહેરાત કરી છે. પોલીસે જણાવ્યું કે, ખેડૂત નેતાઓની ઉશ્કેરણી પર ખેડૂતો શંભુ બોર્ડર પર પથ્થરમારો કરી રહ્યા છે. જેના કારણે ૩૦ જવાનોને ઈજા થઈ છે, એક પોલીસકર્મીને બ્રેઈન હેમરેજ થયું છે અને બેના મોત થયા છે. કેન્દ્રીય કૃષિ મંત્રી અર્જુન મુંડાએ કહ્યું કે કેન્દ્ર ખેડૂતોના હિતમાં કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે ખેડૂતોને કહ્યું છે કે તેઓ સાથે મળીને ઉકેલ શોધે જેથી તે દરેક માટે ફાયદાકારક હોય. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે મોદી સરકારે ખેડૂતોને સમૃદ્ધ, સશક્ત અને આર્થિક રીતે મજબૂત બનાવવા માટે જરૂરી પગલાં લીધા છે. ખેડૂતોના હિતમાં જ આગળના નિર્ણયો લેવામાં આવશે.

### લોકસભા ચૂંટણીનું ગમે ત્યારે જાહેરનામું બહાર પડી શકે

## ભાજપ માર્ચના પહેલા સપ્તાહમાં ૧૦૦ ઉમેદવારના નામ જાહેર કરે એવી શક્યતા

### મોટાભાગે તે બેઠકોનો સમાવેશ કરવામાં આવશે, જેમાં ભાજપ ૨૦૧૪-૧૯ની લોકસભા ચૂંટણીમાં હારી ગયું હતું

। નવી દિલ્હી, તા.૨૩ ।

લોકસભા ચૂંટણીની તારીખ ચૂંટણી પંચ કોઈપણ સમયે જાહેર કરી શકે છે. તમામ રાજકીય પક્ષો ચૂંટણીની પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે કે, ભાજપ માર્ચના પહેલા અઠવાડિયામાં ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી શકે છે. તેમાં ૧૦૦ ઉમેદવારોના નામ સામેલ થવાની આશા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, પહેલી યાદીમાં મોટાભાગે તે બેઠકોનો સમાવેશ કરવામાં આવશે, જેમાં ભાજપ ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હારી ગયું હતું. જેમાં ઉત્તર પ્રદેશની ૧૪ લોકસભા બેઠકોનો પણ સમાવેશ થાય છે. નોંધનીય છે કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ઘણાં ઉમેદવારો બહુ ઓછા મતોથી હારી ગયા હતા અને કેટલાક ઉમેદવારો બીજા ક્રમે પણ રહ્યા હતા. આવી સ્થિતિમાં ભાજપ માટે આ બેઠકો પ્રાથમિકતા પર છે. આ બેઠકો પર પહેલા ઉમેદવારોની જાહેરાત કરીને, ભાજપ તેમને લોકો સુધી પહોંચવાની પૂરતી તક આપવા માગે છે. ભાજપ માર્ચના પહેલા અઠવાડિયામાં લોકસભા ચૂંટણી માટે તેની પ્રથમ યાદી જાહેર કરી શકે છે. ભાજપ ઉત્તર પ્રદેશ પર વધારે ધ્યાન આપી રહ્યું છે. આ સિવાય તમિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, પંજાબ, જમ્મુ કાશ્મીર, ઓડિશા અને મહારાષ્ટ્રની હારેલી બેઠકોનો સમાવેશ થાય છે. ભાજપના ઉમેદવારો આ રાજ્યોમાં ઘણી લોકસભા બેઠકો ખૂબ જ ઓછા માર્જિનથી હારી ગયા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર, ભાજપ પુરી તાકાત અને ક્ષમતા સાથે લોકસભાની ચૂંટણીમાં ઉતરી રહ્યું છે. ભાજપની હાઈકમાન્ડનું ધ્યાન દેશભરની ૧૬૦ લોકસભા બેઠકો પર છે, જ્યાં ભાજપ ચૂંટણી હારી ગયા હતા.

### ભારતમાં શરૂ થયેલા ખેડૂત આંદોલનનો બ્રિટનમાં પડઘો

## શિખ સાંસદે બ્રિટનની સંસદમાં ખેડૂત આંદોલનનો મુદ્દો ઊઠાવ્યો

। (એજન્સી) લંડન, તા.૨૩ ।

ભારતમાં નવેસરથી શરુ થયેલા ખેડૂત આંદોલનના પડઘા બ્રિટનની સંસદમાં પણ પડયા છે. આંદોલનકારી ખેડૂતો અને સરકાર વચ્ચેની વાટાઘાટો હજી સુધી સફળ થઈ નથી. તેમાં પણ બુધવારે એક યુવકનુ ગોળી વાગવાથી મોત થયુ હોવાના કારણે આંદોલન વધારે ભડકયુ છે. જોકે આ યુવકનુ મોત પોલીસ ફાયરિંગમાં થયુ હોવાનો પોલીસે ઈનકાર કર્યો છે.

હવે ભારતના ખેડૂત આંદોલનમાં બ્રિટિશ સાંસદો પણ ચંચૂપાત કરવા માંડ્યા છે. બ્રિટનમાં સિખ સાંસદ તનમનજીત સિંહ ઢેસીએ ખેડૂત આંદોલનમાં યુવકના મોતનો મુદ્દો બ્રિટનની સંસદમાં ઉઠાવ્યો હતો.

તેમણે કહ્યુ હતુ કે, શીખ સમુદાય અને સ્થાનિક ગુરુદ્વારા કમિટિઓએ આંદોલનમાં ખેડૂતોની સુરક્ષા પર ચિંતા વ્યક્ત કરીને મને પત્ર લખ્યો છે. એક આંદોલનકારીનુ પોલીસ ઘર્ષણ દરમિયાન મોત થયુ છે અને તેનુ મોત ગોળી વાગવાથી થયુ છે.

### ખેડૂત આંદોલનને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી

## ખેડૂતોની માગ પર વિચાર કરવા કેન્દ્રને સુપ્રીમ કોર્ટની સલાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ખેડૂત આંદોલનને લઈને હજારની સંખ્યામાં ખેડૂતો શંભૂ બોર્ડર પર ઉમટ્યા છે અને દિલ્હી કૂચના પ્રયાસ કરી રહ્યા છે. આ વચ્ચે, સુપ્રીમ કોર્ટમાં ખેડૂત આંદોલનને લઈને અરજી દાખલ કરાઈ છે. અરજીમાં માંગ કરાઈ છે કે સુપ્રીમ કોર્ટ ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવા માટે કેન્દ્ર સરકારને આદેશ આપે. આ સિવાય, ખેડૂતોની માંગ પર સરકારને વિચાર કરવા માટે પણ કહેવાયું છે. આ અગાઉ હાઈકોર્ટમાં પણ એક અરજી થઈ હતી. ખેડૂત આંદોલનમાં પ્રદર્શનકારીઓના જેસીબી અને મોડિફાઈડ ટ્રેક્ટરોના ઉપયોગથી કાયદો વ્યવસ્થા બગડવાની દલીલ આપતા હરિયાણા અને કેન્દ્ર સરકાર તરફથી દાખલ અરજી પર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે તાત્કાલિક સુનાવણી કરવાનો ઈંકાર કરી દીધો હતો. હાઈકોર્ટે કહ્યું કે, સરકાર પોતાની જવાબદારી નિભાવવાના બદલે કોર્ટનો ઉપયોગ કરવામાં લાગી છે. તમામ આ મામલે રાજનીતિ કરી રહ્યા છે.

ખેડૂતોના આંદોલનમાં વધુ એક ખેડૂતે જીવ ગુમાવ્યો છે. આ સાથે જ ૧૩ ફેબ્રુઆરીએ ખેડૂતોની 'દિલ્હી ચલો' કૂચના એલાન બાદ અત્યાર સુધીમાં પાંચ ખેડૂતોના મોત થયા છે. મૃતક ખેડૂતની ઓળખ દર્શન સિંહ તરીકે થઈ છે જેની આશરે ઉમર ૬૨ વર્ષ છે. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર મૃતક ખેડૂત પંજાબના ભટિંડાના અમરગઢ ગામના રહેવાસી હતા.

### આ વર્ષે પણ પગાર વધારા સંદર્ભે કર્મીઓએ નિરાશ થવું પડશે

## ૨૦૨૪માં કર્મચારીઓના પગારમાં ૯.૫ ટકાનો વધારો થવાની ધારણા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

કર્મચારીઓને આ વર્ષે પગાર વધારા બાબતે નિરાશાનો સામનો કરવો પડી શકે છે. એયોન પીએલસીના એક રિપોર્ટ અનુસાર આ પગાર વધારો ગયા વર્ષ કરતા આ વર્ષે થોડો ઓછો મળશે. સર્વે મુજબ વર્ષ ૨૦૨૩માં ૯.૭ ટકાના વધારાની સરખામણીમાં આ વર્ષે કર્મચારીઓના પગારમાં ૯.૫ ટકાનો વધારો થવાની ધારણા છે. અન્ય કર્મચારીઓ કરતાં ટોચના કર્મચારીઓને ૧.૭૪ ગણું વધુ ઈક્રીમેન્ટ મળવાનો દાવો કરવામાં આવ્યો છે. આ વર્ષે મોંઘવારી ઘટવાના કારણે તેમજ સરેરાશ પગાર વધારામાં ઘટાડો થયો હોવાથી કર્મચારીઓને વધુ પગાર મળવાની અપેક્ષાઓ છે. સર્વે મુજબ કર્મચારીઓને ફુગાવો બાદ કર્યા પછી ૪.૯ ટકા વધુ ઈક્રીમેન્ટ મળશે. જે ૨૦૨૩ના ૪.૨ ટકા કરતાં ઘણું વધારે છે. તેમાં પણ કોવિડ બાદ ઈક્રીમેન્ટના સંદર્ભમાં, નાણાકીય સંસ્થાઓ, એન્જિનિયરિંગ, ઓટોમોટિવ અને લાઈફ સાયન્સમાં સૌથી વધુ પગાર વધારો થવાની સંભાવના છે.

## લોકોએ શાહજહાં શેખ સાથે સંકળાયેલા ઘરને આગ લગાવી

। (એજન્સી) સંદેશખાલી, તા.૨૩ ।

ઘણા દિવસોથી અશાંત સંદેશખાલીમાં ફરી હોબાળો જોવા મળ્યો. ગુસ્સે થયેલા લોકોએ શુક્રવારે સવારે શાહજહાં શેખ સાથે સંકળાયેલા એક ઘરને આગને હવાલે કરી દીધો હતો. આ ઘર શાહજહાં શેખના ભાઈ સિરાજની હોવાનું કહેવાય છે. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને કોઈક રીતે ભીડને કાબૂમાં લીધી હતી. રોષે ભરાયેલા લોકોનો આરોપ છે કે પોલીસે વર્ષોથી કંઈ કર્યું નથી, જેના કારણે હવે તેઓ પોતાનું માન અને જમીન મેળવવા માટે કંઈ પણ કરશે. બીજી બાજુ ભાજપના મહિલા આગેવાનોનું એક પ્રતિનિધિમંડળ આજે સંદેશખાલીની મુલાકાતે પહોંચ્યું હતું. જ્યાં પ્રતિનિધિમંડળના સભ્યો પીડિત મહિલાઓ અને સ્થાનિક લોકોને મળશે. જો કે, પોલીસે ભાજપના પ્રતિનિધિમંડળને સંદેશખાલી જતા અટકાવ્યા હતા.

## મ્યાનમારમાં ભયનો માહોલ, લોકો દેશ છોડવા મજબૂર

। (એજન્સી) યાંગૂન, તા.૨૩ ।

ભારતના પાડોશી દેશ મ્યાનમારમાં સ્થિતિ દિવસે ને દિવસે વણસી રહી છે. જુંટા સૈન્ય શાસને ત્યાં તમામ યુવક-યુવતીઓ માટે સૈન્ય સેવા આપવી ફરજિયાત કરી દીધી છે. આ નિર્ણયને કારણે યુવાઓમાં ભયનો માહોલ સર્જાયો છે અને તેઓ દેશ છોડીને ભાગવા મજબૂર થઈ ગયા છે. તેમનું કહેવું છે કે અમે આ ગૃહ યુદ્ધના માહોલમાં મોતને ભેટવા માગતા નથી. એટલા માટે બીજા દેશો તરફ પ્રયાસ કરવા મજબૂર છીએ. મ્યાનમારમાં ફરજિયાત સૈન્ય સેવાનો નિયમ લાગુ થયા બાદથી એવી નાસભાગ મચી કે મ્યાનમારના સૌથી મોટા શહેર યાંગૂનમાં થાઈ દૂતાવાસની બહાર અનેક દિવસોથી વિઝા ડૉક્યુમેન્ટ સાથે લોકોની લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે. જુંટા સૈન્ય શાસને તેના આદેશમાં કહ્યું છે કે ૧૮ થી ૩૫ વર્ષની વયના તમામ પુરુષો અને ૧૮ થી ૨૭ વર્ષની વયજૂથની તમામ મહિલાઓએ ઓછામાં ઓછા ૨ વર્ષ સુધી સૈન્યમાં ફરજ બજાવવી પડશે.





સાબરમતી નદીનો સન સેટ સમયે ગોલ્ડન લુક જોવા મળી રહ્યો છે.

### ૩૦ ટકા પાકનું વળ્યું સત્યનાશ

# ઉ.ગુજરાતમાં બટાકાના પાકનું વાવેતર કરનાર ખેડૂતો માથું પકડીને રોયા

## સતત બદલાતા વાતાવરણ વચ્ચે ચાલુ વર્ષે બટાકામાં રોગચાળાની સ્થિતિ જોવા મળી છે જેના કારણે નુકશાન

। અરવલ્લી, તા.૨૩ ।

અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ મોટા પ્રમાણમાં બટાકા પાકનું વાવેતર કર્યું છે વાવેતર બાદ પાક તૈયાર થતા હાલ બટાકાનું ઉત્પાદન શરુ થયું છે પરંતુ સતત બદલાતા વાતાવરણે પગલે બટાકાના પાકમાં ૩૦ ટકા જેટલો ઉતારો ઓછો આવતા ખેડૂતોને નુકશાન થયું છે.

અરવલ્લી જિલ્લામાં રવિ સીઝનમાં ખેડૂતોએ ૩૦ હજારથી વધુ હેક્ટર જમીનમાં બટાકા પાકનું વાવેતર કર્યું હતું વાવેતર બાદ જિલ્લમાં પાક તૈયાર થઈ જતા ખેડૂતો હાલ બટાકા પાકની લણણી અને બહાર કાઢવાની કામગીરીમાં જોતરાયા છે. પરંતુ વાવેતર બાદ સતત બદલાતા વાતાવરણ તેમજ પાકમાં સુકારો તેમજ કેટલાક વિસ્તારોમાં બળીયા જેવો રોગ આવતા બટાકાના ઉત્પાદન ઉપર અસર થઈ છે. હાલ ખેડૂતોને તેમના ધારણા કરતા ૩૦ ટકા જેટલો ઉતારો ઓછો ઉતરી રહ્યો છે જેથી ખેડૂતોને આર્થિક નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. બટાકામાં બળિયા આવવાના કારણે બટાકા પર ટપકીઓ પડી ચુકી છે જેથી ખેડૂતોને ઓછા ઉત્પાદનનો ડર સતાવી રહ્યો છે. ચાલુ સાલે ખેડૂતોએ મોંઘાભાવે ખાતર ખેડ બિયારણ પાછળ ખર્ચ કરી સારા ઉત્પાદનની આશા રાખી હતી પરંતુ જિલ્લામાં સતત બદલાતા રહેલા મોસમના મિજાજે ખેડૂતોને કફોડી હાલતમાં મુક્યા છે. અરવલ્લી જિલ્લો બટાકાના વાવેતરમાં હંમેશા અવ્વલ રહ્યો છે. જેના કારણે ઉત્પાદન પણ ખુબ વધુ જોવા મળે છે. પરંતુ સતત બદલાતા વાતાવરણ વચ્ચે ચાલુ વર્ષે બટાકામાં રોગચાળાની સ્થિતિ જોવા મળી છે. જેના કારણે ખેડૂતોમાં બટાકાના ઉત્પાદનમાં મોટું નુસાશન થવાની શક્યતા જોવા મળી રહી છે. બટાકાના પાકમાં ઉતારામાં પણ અસામાન્ય જોવા માંડ્યો છે અને ૩૦ ટકા સુધીનું નુકશાન થઈ શકે છે.

### નર્મદ યુનિ.ના ગુજરાતી વિભાગના પ્રોફેસર

# ડો. પન્ના ત્રિવેદીને વાર્તાસંગ્રહ ‘બરફના માણસો’ માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પારિતોષિક એનાયત

। (માહિતી) સુરત, તા.૨૩ ।

ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૧માં ગુજરાતી ભાષા-સાહિત્યના વિવિધ સાહિત્ય સ્વરૂપના શ્રેષ્ઠ પુસ્તકોના પારિતોષિક જાહેર કરવામાં આવ્યા છે, જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-સુરતના ગુજરાતી વિભાગનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. પન્ના ત્રિવેદીને પ્રૌઢ વિભાગના ટૂંકી વાર્તા સ્વરૂપમાં તેમના વાર્તાસંગ્રહ ‘બરફના માણસો’ને પ્રથમ પારિતોષિક રૂ. ૧૧,૦૦૦/- એનાયત કરવામાં આવ્યું હતું.

જે યુનિવર્સિટી માટે ગૌરવપૂર્ણ બાબત છે. આ પારિતોષિક તેમને તા:૨૦મી ફેબ્રુ.નારોજ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે એનાયત કરાયું હતું. ડૉ. પન્ના ત્રિવેદી અનુઆધુનિકયુગનાં




સુપ્રસિદ્ધ વાર્તાકાર હોવાની સમાંતરે કવયિત્રી, વિવેચક, સંશોધક, અનુવાદક તથા સંપાદક છે. તેમની સર્જનયાત્રાના પ્રવાસી બનવા ગુજરાતી ભાવકો હરહંમેશા ઉત્સુક રહ્યા છે.

નાની વયે લેખનકાર્ય કરનારાં ડૉ.પન્ના ત્રિવેદી પાસેથી સાહિત્ય જગતને ત્રીસેક પુસ્તકો સાંપડ્યાં છે. પ્રતિભાશાળી અધ્યાપિકા ડૉ.પન્ના ત્રિવેદી વિદ્યાર્થીઓને સાહિત્ય પ્રત્યે અભિમુખ કરવા નિરંતર પ્રયાસ કરતા રહે છે. એક સર્જકરૂપે વિષયવૈવિધ્ય અને સંવેદન અભિવ્યક્ત કરવાની અનેરી શૈલી તેમના સમકાલીન સર્જકોમાં તેમને અલાયદું સ્થાન અપાવે છે. તેમનાં પુસ્તકો પ્રત્યેક વર્ગના અને વયના વાચકો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યાં છે. આકાશવાણી કેન્દ્ર વડોદરા, સુરત તેમજ દૂરદર્શન કેન્દ્ર અમદાવાદ પરથી અવારનવાર તેમની રચનાઓ પ્રસારિત થતી રહે છે.

## અમદાવાદી યુવતીએ ચાલુ એક્ટિવા પર ધતિંગ ડાન્સ કર્યો

। અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદમાં યુવતીનો સ્ટંટ કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, એરપોર્ટ રોડ પર મહિલાનો એક્ટિવા પર સ્ટંટ કરતો વીડિયો સામે આવ્યો છે, જેમાં એક યુવતી સંગીતના તાલે છુટા હાથે એક્ટિવા ચલાવી જીવ જોખમાય તેવો સ્ટંટ કરતી જોવા મળી રહી છે. ગુજરાતમાં સ્ટંટ કરનારા લોકો સામે પોલીસ અવારનવાર લાલ આંખ કરે છે, તેમ છતાં કોઈ સુધારવાનું નામ લેતું નથી. સ્ટંટ કરનારા લોકોને જાણે કોઈ ખોફ ન હોય તેમ હજુ પણ જીવના જોખમે સ્ટંટ કરતાં વીડિયો વાયરલ થઈ રહ્યા છે. હવે અમદાવાદનો એક વીડિયોએ ભારે ચર્ચા ચગાવી છે. આ વીડિયો એક યુવતીનો છે. જેમાં યુવતી છૂટા હાથે એક્ટિવા ચલાવી સ્ટંટ કરતી જોવા મળી રહી છે.

### બેવડી ઋતુના કારણે ફાલ ખરવા લાગ્યો

# અમરેલીમાં કેરી પકવતા ખેડૂતો ચિંતામાં વ્યાપી

। અમદાવાદ, તા.૨૩ ।

અમરેલીમાં કેરી પકવતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. કારણ કે આ વર્ષે આંબામાં મોર આવ્યો નથી અને ફાલ પણ ખરવા લાગ્યો છે. ચાર વર્ષ પહેલાં તોઉતે વાવાઝોડાએ અમરેલી જિલ્લામાં બાગાયતી ખેતીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. પણ દર વખતની જેમ આ વખતે પણ ખેડૂતોને વાતાવરણનો માર ઝેલવો પડી રહ્યો છે. બેવડી ઋતુ અને ધુમ્મસના કારણે આંબામાં મોર આવ્યો નથી. ખેડૂતોના મતે આ વર્ષે શિયાળામાં ઠંડી ઓછી પડતા આ સ્થિતિ સર્જાઈ છે. આ વર્ષે બેવડી ઋતુનો કારણે અમરેલી જિલ્લાના આંબાના બગીચા ધરાવતા ખેડૂતોની માઠી દશા બેઠી હોય અને આંબાના વૃક્ષોને ગ્રહણ લાગ્યું હોય તેવો ઘાટ ઘડાયો હોવાની પ્રતીતિ થઈ રહી છે. આંબાના બગીચાની ખેતી કરતા ખેડૂતોની મુશ્કેલીમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આંબાના વૃક્ષોની ખેતી કરીને વાર્ષિક કમાણી કરતા ખેડૂતોની શું છે સ્થિતિ જોઈએ. અમરેલી જિલ્લામાં સાવરકુંડલા, ધારી, ખાંભા ગીર, રાજુલા, જાફરાબાદ સહિતના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કેસર કેરીના બગીચા ખેડૂતો ધરાવે છે. એક વર્ષની મેહનત બાદ કેરીના બગીચાની કમાણી ખેડૂતો મળતી હોય છે આ વર્ષે બેવડી ઋતુના કારણે આંબામાં ફાલ ખરવા લાગ્યો છે આ વર્ષે ત્રણ ફાલ આવ્યા છે. અમુક બગીચામાં પાછોતર ફાલ આવ્યો છે. શિયાળાની ઠંડી ઓછી પડવાને કારણે આંબામાં ફાલ ઓછો આવે છે. સવારમાં ઝાકળ અને દિવસ દરમિયાન ગરમી પડવાથી આંબાના વૃક્ષમાં જોવા મળી રહેલ મોર ખરવા લાગ્યો. હાલના સમયમાં આંબામાં મોર જોવા મળી રહ્યો છે તેની જગ્યા એ નાની કેરી આવી જતી હોય છે. ખેડૂતો ખરતા ફાલને અટકાવ માટે દવાનો છંટકાવ કરી રહ્યા છે પરિણામે કોઈ સુધારો આવતો નથી. જિલ્લામાં મોટાભાગની આંબાવાડીમાં ડબલ ઋતુઓ નો માર પડી રહ્યો છે. અમરેલી જીલો આંબાવાડીની ખેતીમાં અગ્રેસર રહ્યો છે. જિલ્લામાં અંદાજિત આઠ હજાર હેક્ટરમાં આંબાની બાગાયતી ખેતી આવેલી છે.

### અમદાવાદના ‘જેલ ભજીયા હાઉસ’ને અપાશે નવો હેરિટેજ લુક

# ૨.૪૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરાશે ત્રણ માળનું અદ્યતન ’જેલ ભજીયા હાઉસ’

। અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદના આર.ટી.ઓ ખાતે કેદીઓ દ્વારા ચલાવવામાં આવતા ’જેલ ભજીયા હાઉસ’ને નવો હેરિટેજ લુક આપવામાં આવશે. આર.ટી.ઓ સર્કલ ખાતે નવીનીકરણ થનાર અદ્યતન ત્રણ માળનું ’જેલ ભજીયા હાઉસ’ હેરિટેજ લુક સાથે નવા રંગરૂપમાં તૈયાર કરવામાં આવશે, જે આશરે ૨.૪૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામશે. આ નવા ભજીયા હાઉસના ગ્રાઉન્ડ ફ્લોર પર સેલરૂમ અને કેદીઓ દ્વારા બનાવેલ ભજીયાનું વેચાણ કરવામાં આવશે. જ્યારે પહેલા માળ પર જેલના કેદીઓ દ્વારા ભોજન બનાવાશે, જેમાં સ્પેશિયલ ’ગાંધી થાળી’ લોકોમાં આકર્ષણનું નવું કેન્દ્ર બની રહેશે.

બીજા માળ પર આઝાદીના સમયે સાબરમતી જેલમાં રહેલા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, કસ્તુરબા, મહાદેવભાઈ દેસાઈ, ઝવેરચંદ મેઘાણી, લોકમાન્ય તિલક જેવા સ્વાતંત્ર્યસેનાનીઓએ જેલમાં વિતાવેલ સમયની ઝાંખી દર્શાવતું મ્યુઝિયમ બનાવવામાં આવશે.

નવા નિર્માણ પામનાર જેલ ભજીયા હાઉસમાં જેલર-કેદીઓ તથા જેલની અંદરના માહોલની થીમ જોવા મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલના સમયમાં ’જેલ ભજીયા હાઉસ’ને સાબરમતી મધ્યસ્થ જેલની બાજુમાં ખસેડવામાં આવેલ છે.

# દેશના નાગરિકોનું સુપોષણ અને સુસ્વાસ્થ્ય સુનિશ્ચિત કરવા પ્રવર્તમાન કૃષિ પદ્ધતિઓ સુધારવાનું દાયિત્વ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત

। આણંદ, તા.૨૩ ।

આણંદ કૃષિ યુનિવર્સિટીનો ૨૦મો પદવીદાન સમારોહ રાજ્યપાલ અને આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પદવીદાન સમારોહમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ, બાગાયત, ફુડ પ્રોસેસિંગ ટેકનોલોજી અને બાયોએનર્જી, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી, એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ઈન્ટરનેશનલ એગ્રી. બિઝનેસ મેનેજમેન્ટ વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ૫૭૮ વિદ્યાર્થીઓને પદવી તથા ૪૧ તેજસ્વી વિદ્યાર્થીઓને કુલ ૮૨ સુવર્ણચંદ્રકો, ચંદ્રકો તેમજ



રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. રાજ્યપાલશ્રી દ્વારા કૃષિ યુનિવર્સિટીના સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ ક્ષેત્રે કામ કરતા વૈજ્ઞાનિકોને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આણંદ કૃષિ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, આપના અને આપના માતા-પિતાના અથાગ પરિશ્રમથી પ્રાપ્ત થયેલ આ ડિગ્રી દ્વારા આપના ક્ષેત્રમાં ઉત્તમ કાર્યો કરી રાષ્ટ્રની સેવા કરવા હવે આપ તૈયાર થયા છો. રાજ્યપાલશ્રીએ સમાજમાં વિદ્યાર્થીઓને તેઓની ભૂમિકા સમજાવતા કહ્યું કે, દેશના લોકોનું ઉત્તમ પોષણ અને ઉત્તમ સ્વાસ્થ્ય સુનિશ્ચિત કરવા પ્રવર્તમાન કૃષિ પદ્ધતિઓ સુધારવાનું દાયિત્વ કૃષિ યુનિવર્સિટીના યુવાનોનું છે. આજથી ૬૦ વર્ષ પહેલાં દેશમાં આવેલ હરિત ક્રાંતિને યાદ કરતાં રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે, તે સમયે દેશની જરૂરિયાત પ્રમાણે ડૉ. સ્વામિનાથન અને ડૉ. મૈનેએ આ ક્રાંતિઓ પ્રદાન કરી હતી.

## વિશેષ

### "અમૃત" યોજના હેઠળ રાજકોટ મહાનગરપાલિકા અને "રૂડા"ના અંદાજીત રૂ. ૨૦૪ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ તથા રૂ.૨૯૧ કરોડના વિકાસ પ્રકલ્પોનું થશે ખાતમુહુર્ત

# રાજકોટવાસીઓની સુખાકારીમાં વધારો કરવા ૨૫ ફેબ્રુઆરીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી કરશે પ્રજાલક્ષી સંખ્યાબંધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહુર્ત

। (માહિતી) રાજકોટ ।

છેવાડાના માનવીનો પણ સર્વાંગી વિકાસ થાય તેવું સરકારનું લક્ષ્ય છે ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારતમાં વર્લ્ડક્લાસ સુવિધાઓના નિર્માણનો નવો યુગ શરૂ થયો છે. ગુજરાતમાં પણ પાયાની સુવિધાઓમાં દિન - પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૨૫ ફેબ્રુઆરીએ રાજકોટ પધારી પ્રજાલક્ષી સંખ્યાબંધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ, ખાતમુહુર્ત કરવા જઈ રહ્યા છે ત્યારે રાજકોટવાસીઓની સુખાકારીમાં વધારો કરવા "અમૃત મિશન" અંતર્ગત રૂ.૨૦૩.૬૧ કરોડના છ પ્રકલ્પોનું લોકાર્પણ તથા "અમૃત મિશન ૨.૦" અંતર્ગત રૂ.૨૯૧.૪૯ કરોડના ૨૨ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વડાપ્રધાનશ્રીના વરદહસ્તે કરવામાં આવશે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શહેરી વિકાસ માટે કેન્દ્રીય પ્રાયોજિત "અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (છસ્ઈ)" યોજના ૨૫ જુન, ૨૦૧૫થી શરૂ કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ્ય શહેરી વિસ્તારોમાં જીવનની ગુણવત્તા સુધારવા માટે પાયાની સુવિધાઓ વંચિત નાગરિકો સુધી પહોંચાડવાનો છે. આ યોજના હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ રૂ.૧૦૮.૪૭ કરોડના ખર્ચે જેટકો ચોકડી ખાતે નિર્માણ પામેલ ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૈયાધાર સ્માર્ટ સિટી ખાતે નિર્માણ પામેલ ૮ એમ.એલ.ડી. ક્ષમતાના ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ન્યારી ડેમથી જેટકો સુધી અને પુનિતનગર, ૮૦ ફૂટ રોડથી વાવડી હેડ વર્કસ સુધીની પાઈપલાઈનના બે પ્રોજેક્ટ અને જુદા-જુદા ૬ પમ્પિંગ સ્ટેશનની મશીનરીના ઓગમેન્ટેશન પ્રોજેક્ટ અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ "રૂડા" દ્વારા કુલ રૂ.૯૫.૧૪ કરોડના ખર્ચે પૂર્ણ કરાયેલી ૨૨ ગામો માટેની પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ થશે.

તદુપરાંત, અમૃત ૨.૦ અંતર્ગત રૂ.૨૯૧.૪૯ કરોડના ૨૨ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત થશે, ૨.૦ યોજનાનો મુખ્ય હેતુ તમામ શહેરી નાગરિકો માટે શુદ્ધ પાણીની પહોંચ તથા સુએજ અને સેપ્ટેજના કવરેજમાં વધારો કરવાનો છે. જેના હેઠળ વિવિધ પ્રોજેક્ટ પૈકી રૈયાધાર ખાતે ૨૩ એમ.એલ.ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઘંટેશ્વર ખાતે ૧૫ એમ.એલ.ડી. ક્ષમતાના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન, ડેનેજ પાઈપલાઈન નેટવર્ક, હાઉસ કનેક્શન ચેમ્બર, ઉપરાંત પીવાના પાણી માટેની ડી.આઈ. પાઈપલાઈન નેટવર્ક અને બે વોટર સપ્લાય હેડ વર્કસ સહીત કુલ ૨૨ પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ૨૨ પ્રોજેક્ટમાં રાજકોટ મહાનગર પાલિકા વિસ્તારના વોર્ડ નંબર ૧૧ તથા ૧૨ના નક્કી



કરાયેલ વિસ્તારોમાં અમૃત મિશન ૨.૦ અંતર્ગત ડ્રેનેજ પાઈપ લાઈન નેટવર્ક અને હાઉસ કનેક્શન ચેમ્બર રૂ.૨૫.૮૩ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે, જેનાથી અંદાજિત ૧૫ હજાર જેટલા લાભાર્થીઓને ભૂગર્ભ ગટરની સુવિધા મળતા વિસ્તારમાં આરોગ્ય અને સ્વચ્છતાનું સ્તર સુધરશે. રાજકોટના વોર્ડ નંબર ૧૨માં અમૃત મિશન ૨.૦ અંતર્ગત મવડી પોકેટ-૬ તથા નજીકના વિસ્તારમાં ડી.આઈ. પાઈપલાઈન ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક તૈયાર કરવાનું કામ રૂપિયા ૭.૪૯ કરોડના ખર્ચે કરવામાં આવશે, જેનાથી નવા વિકસતા વિસ્તારમાં અંદાજિત ૧૫ હજાર જેટલા લાભાર્થીઓને પીવાના પાણીની સુવિધા મળશે.

અમૃત મિશન ૨.૦ અંતર્ગત રાજકોટના વોર્ડ નંબર ૧૨ માં પોકેટ ૧૨,૧૩,૧૪ અને ૧૫માં પીવાના પાણીની સુવિધા માટે રૂ.૨૪.૨૫ કરોડના ખર્ચે ડી.આઈ. પાઈપલાઈન ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક ઊભું કરવામાં આવશે, જેનાથી અંદાજિત ૩૦ હજાર લોકો લાભાન્વિત થશે. સાથે જ પંપિંગ હાઉસ સાથે મુંજકા હેડ વર્કસનું નિર્માણ અને સંબંધિત ઈલેક્ટ્રિકલ મિકેનિકલ ઈન્સ્ટ્રૂમેન્ટેશનનું કાર્ય ૬ કરોડના ખર્ચે કરવામાં આવશે. જેનાથી શહેરની ભાગોળે આવેલા મુંજકા ગામમાં પાણી વિતરણની વ્યવસ્થા મજબૂત થશે અને ૧૪૦ લાખ લિટર પાણીની સંગ્રહ ક્ષમતાથી અંદાજિત ૯૩ હજાર લોકોની પાણીની જરૂરિયાત સંતોષી શકાશે.

૨.૦ મિશન હેઠળ રાજકોટના વોર્ડ નં.૧૧માં આવતા ૮૦ ફીટ પુનીતનગર રોડથી પાળ રોડ વિસ્તાર રૂ. ૨૫.૮૩ કરોડના ખર્ચે, મોટામવા વિસ્તારના ટી.પી. રોડમાં રૂ.૯.૮૫ કરોડના ખર્ચે, રૂા. ૧૦.૮૯ કરોડના ખર્ચે કાલાવડ રોડ વિસ્તારમાં કાલાવડ રોડથી સરીતા વિહાર સોસાયટી વિસ્તારમાં, રૂા.૧૪.૮૨ કરોડના ખર્ચે માસુમ સ્કુલ ગોલ્ડન આર્ક રોડ હૈયાત સુએજ પંમ્પીંગ સ્ટેશન-મુંજકા વિસ્તારમાં અને રૂા. ૭.૦૬ કરોડના ખર્ચે રંગોલી પાર્ક આવાસ યોજના વિસ્તારમાં ભૂગર્ભ ગટરના કામો તથા રોડ રીસ્ટોરેશન કામ કરવામાં આવશે, જેનાથી અંદાજીત ૭૫ હજારથી વધુ લોકોના આરોગ્ય અને સ્વચ્છતાની જાળવણી થશે તથા પરિવહન માટે સુગમતા થશે.

રાજકોટ મહાનગરપાલિકા હાલ નવા ભળેલા વિસ્તારોને તમામ શહેરી સુવિધા મળી શકે એ માટે માધાપર, મુંજકા, મોટા મવા, મવડી વિસ્તારોમાં વિવિધ વિકાસકાર્યોના ખાતમુહુર્ત કરવામાં આવી રહ્યા છે જે અન્વયે રૂ. ૨૦.૬૬ કરોડના ખર્ચે માધાપર જંકશનમાં ઉતર પશ્ચિમ ભાગમાં રૂ.૬.૧૧ કરોડના ખર્ચે, ઉતર પશ્ચિમ ભાગમાં રૂ.૫.૭૫ કરોડના ખર્ચે, દક્ષિણ-પશ્ચિમ ભાગમાં રૂ.૮.૮૦ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઈન નાખવાનું તથા રોડ રીસ્ટોરેશનના કામનું ખાતમુહુર્ત થશે જેનો લાભ ૪૪,૦૦૦ લોકોને મળશે.

શહેરમા નવા ભળેલા ગામોમાં પાણી વિતરણની વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે માટે નવા હેડ્વર્ક્સ અને ઉચ્ચ ક્ષમતાના સમ્પ બનાવવામાં આવશે, જેમાં રૂ. ૩૪.૪૩ કરોડના ખર્ચે પમ્પિંગ હાઉસ સાથે મોટા મૌવા હેડવર્કસનું નિર્માણ અને તમામ સંબંધિત ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, ઈન્સ્ટ્રૂમેન્ટેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. સાથે જ રૂ. ૨૪.૨૫ કરોડના ખર્ચે રામધણથી પુનિતનગર, ૮૦ ફુટ રોડ, રૂ. ૬.૬૩ કરોડના પુનિતનગર ૮૦ ફુટ રોડ પર મોહનેશ્વર મહાદેવ મંદિરથી વાવડી હેડ વર્કસ સુધી, રૂા. ૭.૪૯ કરોડના ખર્ચે રાધે રોડ અને પ્રમુખનગર મેઈન રોડ વચ્ચેનો ફોરચ્યુન હોટલ પાછળના વિસ્તારમાં પાઈપ લાઈન ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના કામો કરવામાં આવશે, જેનાથી આ વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવશે. જેનો લાભ આશરે ૪૫,૦૦૦ લોકોને પ્રાપ્ત થશે.

## ન્યુઝ બોક્ષ

### યુએસમાં મોબાઈલ નેટવર્ક ૧૩ કલાક માટે અચાનક ઠપ્પ થઈ ગયું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકામાં એટીએન્ડટી, ટી-મોબાઈલ તેમજ વેરિઝોન સહિતની મોબાઈલ સર્વિસ પૂરી પાડતી કંપનીઓના ગ્રાહકોના મોબાઈલ નેટવર્ક અચાનક જ ઠપ થઈ જતા ભારે અંધાધૂધી સર્જાઈ હતી. ૨૨ ફેબ્રુઆરીએ મોબાઈલ નેટવર્કમાં સર્જાયેલી ખામીના કારણે હજારો મોબાઈલ ફોન ધારકોએ ૧૩ કલાક સુધી નેટવર્ક વગર રહેવાનો વારો આવ્યો હતો. જેના કારણે અમેરિકાના મોબાઈલ નેટવર્ક પર સાઈબર એટેક થયો હોવાની ચર્ચા પણ શરુ થઈ હતી. ફ્લોરિડાના સેનેટર માર્કો રુબિયોએ મોબાઈલ નેટવર્ક ચીનના સાયબર એટેકના કારણે ઠપ થયુ હોવાની શંકા પણ વ્યક્ત કરી હતી અ્ને કહ્યુ હતુ કે, ચીન તાઈવાન પર હુમલો કરે તો આ પ્રકારનો સાયબર એટેક કરી શકે છે. મને અમેરિકામાં મોબાઈલ નેટવર્ક કેમ ખોરવાયુ તેની ખબર નથી પણ ચીન જો આ પ્રકારનો સાયબર એટેક અમેરિકા પર કરશે તો અમેરિકાની સ્થિતિ અત્યારે છે તેના કરતા અનેક ગણી વધારે ખરાબ થઈ શકે છે. ચીન માત્ર મોબાઈલ નેટવર્ક જ નહીં પણ બેંક સિસ્ટમ અને પાણી સપ્લાયના નેટવર્કને પણ ખોરવી શકે છે. દરમિયાન અમેરિકામાં મોબાઈલ નેટવર્ક ઠપ થવાના કારણે સૌથી વધારે ગ્રાહકો એટી એન્ડ ટી કંપનીના પ્રભાવિત થયા હતા. આ જ કંપનીના ૭૪૦૦૦ જેટલા ગ્રાહકોએ મોબાઈલ નેટવર્ક ઠપ થવાની ફરિયાદો નોંધાવી હતી.

### યુએનમાં સુધારા અંગે ભારતની માગણીને સાઉદીનું સમર્થન

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં સુધારા કરવાની ભારતની માંગણીનુ હવે સાઉદી અરબે પણ સમર્થન કર્યુ છે. ગાઝામાં તાત્કાલિક અસરથી યુધ્ધ વિરામ લાગુ કરવાના સુરક્ષા પરિષદમાં મુકાયેલા પ્રસ્તાવ પર અમેરિકાએ વિટો વાપર્યા બાદ સાઉદી અરબ રોષે ભરાયુ છે. સાઉદીએ એ પછી બુધવારે ભારતનુ સમર્થન કરતા કહ્યું હતું કે, દુનિયામાં શાંતિ અને સુરક્ષા જાળવવા માટે સુરક્ષા પરિષદે પોતાનુ બેવડુ વલણ છોડવુ પડશે અને હવે સુરક્ષા પરિષદમાં સુધારા કરવાની પહેલા કરતા પણ વધારે જરૂર છે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકેર આ સંદર્ભમાં ચીન પર આડકતરી રીતે કટાક્ષ કરતા કહ્યુ હતુ કે, સુરક્ષા પરિષદમાં સુધારા કરવા માટેનો સૌથી વિરોધ કોઈ પશ્ચિમ દેશ નથી કરી રહ્યુ. જ્યારે સંયુક્ત રાષ્ટ્રની રચના થઈ ત્યારે તેમાં ૫૦ સભ્યો હતા. આજે તેના સભ્ય દેશોની સંખ્યા ચાર ગણી વધી ચુકી છે તો કોમન સેન્સની વાત છે કે, સુરક્ષા પરિષદમાં પણ સુધારા કરવાની જરુર છે.

### બિહારની રાજધાની પટનામાં પોલીસે ગ્રામ રક્ષા દળના જવાનો પર લાઠીચાર્જ કર્યો

। (એજન્સી) પટના, તા.૨૩ ।

બિહારની રાજધાની પટનામાં પોલીસે ગ્રામ રક્ષા દળના જવાનો પર લાઠીચાર્જ કર્યો છે. ભાજપ કાર્યાલયની સામે વિરોધ કરી રહેલા સૈનિકોનો પોલીસે પીછો કરીને માર માર્યો હતો. સમાન કામ માટે સમાન વેતન અને કાયમી નોકરીની માંગ સાથે પટના ભાજપ કાર્યાલયની બહાર વિરોધ કરી રહેલા સૈનિકો પર પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. વાસ્તવમાં, સૈનિકો તેમની માંગણીઓને લઈને બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિન્હા સાથે મુલાકાતની માંગ સાથે બીજેપી કાર્યાલયની સામે પહોંચ્યા હતા. વિધાનસભા સત્રને કારણે ભાજપના નેતા વિરોધીઓને મળી શક્યા ન હતા, તેથી આ લોકો ગુસ્સે થઈ ગયા હતા. અને ત્યાં વિરોધ શરૂ કર્યો. અહીં પોલીસ તેમને વારંવાર સમજાવી રહી હતી કે તેઓ અહીં વિરોધ ન કરી શકે. આશરે ૫૦૦ જેટલા ગ્રામ રક્ષા દળને ગાર્ડનીબાગ વિરોધ સ્થળ પર જવા માટે કહેવામાં આવ્યું હતું. પરંતુ વારંવારની અપીલ બાદ પણ જ્યારે તે આગળ વધ્યો ન હતો ત્યારે પોલીસ થોડી કડક બની હતી. આ પછી ગ્રામ સંરક્ષણ દળના જવાનોની પોલીસ સાથે અથડામણ થઈ હતી. ત્યારબાદ પોલીસે તેમને ત્યાંથી હટાવવા માટે બળપ્રયોગ અને લાઠીચાર્જ કર્યો હતો. પોલીસે લાઠીચાર્જ કર્યા બાદ વિરોધ કરી રહેલા સૈનિકો ભાજપ કાર્યાલયથી દૂર હટી ગયા હતા.

---

ભારત-ઈંગ્લેન્ડ ચોથી ટેસ્ટ મેચ : પ્રથમ દિવસ

# આકાશ દીપનો ક્રિકેટના ડેબ્યુ ટેસ્ટમાં ધમાકો, ઈંગ્લેન્ડના સાત વિકેટે ૩૦૨ રન

**ભારતીય પેસર આકાશદીપ સામે પ્રવાસી ટીમની શરણાગતિ બાદ જો રૂટે સદી ફટકારીને ટીમને ઊગારી**

। (એજન્સી) રાંચી, તા.૨૩ ।

ફાસ્ટ બોલર આકાશ દીપે ટેસ્ટ ક્રિકેટમાં પોતાના ડેબ્યૂમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેના આધારે ભારતે ચોથી ટેસ્ટમાં શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ છેલ્લી મેચમાં જો રૂટે સદી ફટકારીને ઈંગ્લેન્ડની ઈનિંગ્સને સંભાળી લીધી હતી. પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં ઈંગ્લેન્ડે ૭ વિકેટે ૩૦૨ રન બનાવી લીધા હતા. જો રૂટ અને ઓલી રોબિન્સન ક્રિઝ પર છે. ભારત તરફથી આકાશી દીપે પ્રથમ દિવસે સૌથી વધુ ૩ વિકેટ લીધી હતી જ્યારે મોહમ્મદ સિરાજે ૨ વિકેટ ઝડપી હતી. આ પહેલા ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. બિહારનો રહેવાસી ૨૭ વર્ષનો આકાશ દીપ બંગાળ માટે ડોમેસ્ટિક ક્રિકેટ રમે છે. તેણે પહેલા કલાકમાં જ બોલને બંને



રીતે સ્વિંગ કરીને ઈંગ્લેન્ડને સારી શરૂઆત ન થવા દીધી. આકાશે દસ બોલમાં બેન ડકેટ (૧૧), ઓલી પોપ (૦) અને ઝેક ક્રોલી (૪૨)ની વિકેટ લીધી હતી. તેણે ૩ વિકેટ લીધી હતી, જ્યારે રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજાએ અનુક્રમે જોની બેરસ્ટો અને સ્ટોક્સને એલબીડબલ્યુઆઉટ કર્યા હતા. આકાશ દીપે બીજી જ ઓવરમાં ક્રાઉલીનો ઓફ સ્ટમ્પ ઉખાડી નાખ્યો હતો, પરંતુ તે નો બોલ હતો. તેનો નવો બોલ પાર્ટનર મોહમ્મદ સિરાજ લય માટે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. ક્રાઉલે તેને મિડવિકેટ પર સતત ૩ ચોગ્ગા અને એક સિક્સર ફટકારી હતી. તેણે ૩૨ બોલમાં ૩૨ રન બનાવ્યા બાદ ચાર રનના સ્કોર પર લાઈફ ઓફ લીઝ મેળવ્યા હતા. આ જોઈને કેપ્ટન રોહિત શર્માએ બીજા છેડેથી બોલ સ્પિનર જાડેજાને આપ્યો. આકાશ દીપે દસમી ઓવરમાં બે વિકેટ ઝડપી હતી જેમાં બે વખત રિવ્યુનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને એક ભારતની તરફેણમાં હતી. તેની પ્રથમ વિકેટ ડકેટની હતી, જે વિકેટ પાછળ ધ્રુવ જુરેલના હાથે કેચ આઉટ થયો હતો. જ્યારે અમ્પાયરે તેને નોટઆઉટ જાહેર કર્યો ત્યારે રોહિતે રિવ્યુ લીધો અને અમ્પાયરે નિર્ણય બદલવો પડ્યો. પોપને આકાશ દીપે LBW કર્યો હતો. આગલા બોલ પર જો રૂટ પણ ડઝાઈ ગયો.

---

ભારતના ક્રિકેટર્સને બીસીસીઆઈ દ્વારા રાહત

# ઐયર-ઈશાન કિશનને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી નહીં હટાવાય

**બંને ખેલાડીઓએ રણજી ટ્રોફીમાં રમવાનું ટાળતાં હોઈ બીસીસીઆઈ કડક કાર્યવાહી કરવાનું હતું જે હાલ ટળી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતના સ્ટાર બેટ્સમેન શ્રેયસ અય્યર અને ઈશાન કિશનને મોટી રાહત મળી છે. ઈશાન કિશન અને શ્રેયસ અય્યરને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટથી હટાવશે નહીં. આ પહેલા દાવો થયો હતો કે રણજી ટ્રોફી ન રમવાના કારણે શ્રેયસ અય્યર અને ઈશાન કિશનને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ વાળા ખેલાડીઓની લિસ્ટથી હટાવવામાં આવશે પરંતુ અત્યાર સુધી બીસીસીઆઈએ બંને ખેલાડીઓ પર વધુ કડક કાર્યવાહી કરવાનું મન બનાવ્યુ નથી. તાજેતરમાં જ શ્રેયસ અય્યર અને ઈશાન કિશન અલગ-અલગ કારણોથી વિવાદોમાં આવ્યા છે. ઈશાન કિશનના વિવાદોમાં આવવાની શરૂઆત દક્ષિણ આફ્રિકાના પ્રવાસ પર જ થઈ ગઈ હતી. માનસિક આરોગ્યનો હવાલો આપીને ઈશાન કિશને દક્ષિણ આફ્રિકા પ્રવાસથી નામ પાછુ લઈ લીધુ. જે બાદ કિશનને અફઘાનિસ્તાન અને ઈંગ્લેન્ડ વિરુદ્ધ સીરિઝ માટે ટીમ ઈન્ડિયામાં




સ્થાન મળ્યુ નહીં. ટીમ ઈન્ડિયાના કોચ રાહુલ દ્રવિડે સ્પષ્ટ કરી દીધુ કે ઈશાન કિશનને વાપસીકરવામાટેપહેલાઘરેલૂક્રિકેટરમવાનીહશે પરંતુ કિશને આ સલાહને માની નહીં. કિશનના આ પગલા બાદ બીસીસીઆઈએ આકરુ વલણ અપનાવ્યુ. બીસીસીઆઈએ સ્પષ્ટ કરી દીધુ કે જે પણ નેશનલ કોન્ટ્રાક્ટ વાળા ખેલાડી છે તેઓ રણજી ટ્રોફીને અવગણી શકે નહીં. તેમ છતાં ઈશાન કિશને રણજી ટ્રોફીથી અંતર જાળવી રાખ્યુ. આ પ્રકારની રીત શ્રેયસ અય્યર તરફથી અપનાવવામાં આવી. અય્યરને બીજી ટેસ્ટ બાદ ટીમ ઈન્ડિયાથી ડ્રોપ કરવામાં આવ્યો.

---

યુએસમાં ભારતીય વિદ્યાર્થીના મોત અંગે ખુલાસો

# ક્લબે એન્ટ્રી ન આપતા અકુલ ધવનનું હાઈપોથર્મિયાથી મોત

**ઈલિનોઈસ અને મધ્યપશ્ચિમના મોટાભાગના ભાગમાં જાન્યુઆરીમાં ભીષણ -૨૦થી -૩૦ ડિગ્રી ઠંડી હોય છે**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

તારીખ ૨૧ જાન્યુઆરી ૨૦૨૪... સ્થળ અમેરિકાનો ઈલિનોઈસ વિસ્તાર... જ્યાં ૨૦ જાન્યુઆરીની રાતથી પોલીસ એક યુવકને શોધી રહી હતી. યુવકનું નામ અકુલ ધવન હતુ. ભારતીય મૂળનો આ યુવક યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસ અર્બાના-શેમ્પેઈનનો વિદ્યાર્થી હતો. મોડી રાતથી જ તે લાપતા હતો. તેનું લોકેશન યુનિવર્સિટીના આસપાસનું આવી રહ્યુ હતુ પરંતુ તે મળી રહ્યો નહોતો. પછી આગલા દિવસે ત્યાં યુનિવર્સિટી કેમ્પસની પાસેના વિસ્તારમાં તેનો મૃતદેહ મળ્યો. જેને જોઈને તમામના હોશ ઉડી ગયા. રિપોર્ટ અનુસાર ૧૮ વર્ષનો ભારતીય વિદ્યાર્થી



અકુલ ધવન ૨૦ જાન્યુઆરીએ રાત્રે ૧૧.૩૦ મિનિટે પોતાના મિત્રોની સાથે ડ્રિંક્સ માટે બહાર ગયો હતો. તેમણે આ માટે કેમ્પસના નજીકમાં આવેલા કેનોપી ક્લબમાં જવાનો નિર્ણય કર્યો પરંતુ સ્ટાફે અકુલને ક્લબમાં એન્ટ્રી આપી નહીં. તેણે ઘણી વખત ક્લબમાં જવાનો પ્રયત્ન કર્યો પરંતુ સ્ટાફે તેને અંદર જવાથી મનાઈ કરી દીધી જ્યારે તેના મિત્રો ક્લબમાં જતા રહ્યા. અકુલ તેમની બહાર રાહ જોઈ રહ્યો હતો. જ્યારે તેના મિત્રો મોડા ક્લબમાંથી બહાર આવ્યા તો તેમણે અકુલને ફોન કર્યો પરંતુ કોઈ જવાબ મળ્યો નહીંતો તેમણે અકુલને શોધવાનો શરૂ કરી દીધો. ખૂબ મોડા સુધી પણ જ્યારે અકુલ ના મળ્યો તો તેના એક મિત્રે યુનિવર્સિટી પોલીસને આ વિશે જાણકારી આપી. યુનિવર્સિટી પોલીસ ઘટના સ્થળ પર પહોંચી અને અકુલની તપાસ શરૂ કરી પરંતુ તે મળ્યો નહીં. પછી આગલા દિવસે યુનિવર્સિટીના એક કર્મચારીએ પોલીસ અને મેડીકલ સર્વિસને બિલ્ડિંગની પાછળ એક શખ્સનો મૃતદેહ મળવાની જાણકારી આપી.

**અકુલના માતા-પિતાએ કહ્યુ કે અમે અનુભવ કરી શકીએ છીએ કે અમારુ બાળક તે સમયે ઠંડીના કારણે કેવી રીતે તડપ્યો હશે**

૧૮ વર્ષીય ભારતીય-અમેરિકી વિદ્યાર્થી અકુલ ધવનનું કથિત રીતે ઘણા કલાક સુધી લાપતા રહ્યા બાદ મોત થઈ ગયુ હતુ. અકુલની મોતની આ ઘટના જાન્યુઆરીમાં થઈ હતી. ઈલિનોઈસમાં શેમ્પેઈન કાઉન્ટી કોરોનરના કાર્યાલયે મામલે પર આ અઠવાડિયે કહ્યુ કે ભારતીય-અમેરિકી વિદ્યાર્થીનું મૃત્યુ દારૂના નશામાં થવા અને વધુ સમય સુધી જરૂરિયાતથી વધુ ઠંડી તાપમાનમાં રહ્યા બાદથી થઈ. જોકે, ઈલિનોઈસ અને મધ્યપશ્ચિમના મોટાભાગના ભાગમાં જાન્યુઆરીમાં ભીષણ ઠંડી હોય છે. ઠંડા પવનના કારણે ત્યાંનું તાપમાન -૨૦થી -૩૦ ડિગ્રી રહે છે. પાર્ટીમાં એન્ટ્રી ન મળ્યા બાદ અકુલ બહાર ઊભો રહ્યો. જેના કારણે તેનું હાઈપોથર્મિયાથી મોત થઈ ગયુ. શરૂઆતી તપાસમાં પોલીસને શંકા લાગી હતી પરંતુ પછી આ મામલે પોલીસ દરેક એન્ગલથી તપાસ કરી રહી હતી. હવે સ્પષ્ટ થઈ ગયુ કે અકુલનું મોત હાઈપોથર્મિયાથી થયુ છે. અકુલના માતા-પિતા 'ઈશ અને રિતુ ધવને યુનિવર્સિટી પોલીસ વિરુદ્ધ બેદરકારીનો મામલો નોંધાવ્યો છે. તેમનુ કહેવુ છે કે અકુલને યોગ્ય સમયે શોધવા નીકળી જતા તો કદાચ તે બચી જાત. પોલીસે આ મામલે બેદરકારી દાખવી. અકુલનો મૃતદેહ લાપતા થવાની જાણકારી આપવાના ૧૦ કલાક બાદ મળ્યો.

---



ઉત્તર પ્રદેશમાં વારાણસી ખાતે બહુવિધ વિકાસ પ્રોજેક્ટના શિલાન્યાસ સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

---

# ફ્રાંસના ધ્વજને શેતાની ગણાવનારા ઈમામની દેશમાંથી હકાલપટ્ટી

। (એજન્સી) પેરિસ, તા.૨૩ ।

ફ્રાંસની સરકારે આફ્રિકન દેશ ટ્યૂનિશિયાના એક ઈમામને ભડકાઉ નિવેદન બદલ દેશમાંથી રવાના કરી દીધા છે. ઈમામ મેહજોબ મેહજોબીને મસ્જિદમાં જે ભાષણ આપ્યુ હતુ તેને લઈને સરકારે કાર્યવાહી કરી છે. તેમના પર આરોપ છે કે, ફ્રાંસની એક મસ્જિદમાં તેમણે અનુયાયીઓ સમક્ષ ઉશ્કેરણીજનક પ્રવચન આપ્યુ હતુ અને આ બદલ સરકારે તેમની ધરપકડ કરી હતી. જેના ૧૨ કલાક બાદ સરકારે તેમની દેશમાંથી હકાલપટ્ટી કરી હતી.



ફ્રાંસના ગૃહ મંત્રી જિરાલ્ડ ડર્મેનીને સોશિયલ મીડિયા પર કહ્યુ હતુ કે, ફ્રાંસમાં કટ્ટરવાદને કોઈ સ્થાન નથી. ઈમામને દેશમાંથી રવાના કરી દીધા હતા. દરમિયાન ઈમામના ભાષણનો વિડિયો વાયરલ થયો છે. જેમાં ઈમામે ધ્વજને શૈતાની ધ્વજ ગણાવતા કહે છે કે, આપણા રસ્તામાં આવા ધ્વજની કોઈ જગ્યા નથી.

---

નિફ્ટી ૨૨૨૯૭ની સર્વકાલીન ઊંચી સપાટીએ

# સેન્સેક્સમાં ૧૫, નિફ્ટીમાં પાંચ પોઈન્ટનો ઘટાડો

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

શુક્રવારે શેરબજારનો કારોબાર નબળાઈ સાથે સમાપ્ત થયો. દિવસભર શેરબજારના કામકાજમાં ભારે ઉતાર અને ચઢાવ જોવા મળે છે. બીએસઈસેન્સેક્સ ૧૫ પોઈન્ટ ઘટીને ૭૩૧૪૨ પોઈન્ટના સ્તરે બંધ થયો છે જ્યારે નિફ્ટી ૫ પોઈન્ટ ઘટીને ૨૨૨૧૨ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. શેરબજારના કામકાજના દિવસ દરમિયાન નિફ્ટીએ ૨૨૨૯૭ની સર્વકાલીન ઊંચી સપાટીને સ્પર્શી હતી. નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં વધારો નોંધાયો હતો જ્યારે નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સ નબળાઈ પર બંધ થયા હતા. નિફ્ટી ઓટો, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસ ઈન્ડેક્સમાં પણ નબળાઈ નોંધાઈ હતી જ્યારે નિફ્ટી ફાર્મા નજીવા વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો. શેરબજારમાં તેજીનું કામકાજ દર્શાવનારા શેરોની વાત કરીએ તો, ટોપ ગેઈનર્સની યાદીમાં બજાજ ફિનસર્વ, એસબીઆઈ લાઈફ, ડોક્ટર રેડ્ડીઝ, ટાઈટન, એચડીએફસી લાઈફ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એલટીઆઈ માઈન્ડ ટ્રીના શેરનો સમાવેશ થાય છે, જ્યારે નબળાઈ દર્શાવનારા શેરો હતા.



બીપીસીએલ., એચસીએલ ટેક, મારુતિ સુઝુકી, એશિયન પેઈન્ટ્સ, જેએસડબ્લ્યુ સ્ટીલ, ઓએનજીસી અને એસબીઆઈનો સમાવેશ થાય છે. એસબીઆઈલાઈફ, ડૉ. રેડ્ડીઝ, મહિન્દ્રા, સિપ્લા, રિલાયન્સ, અદાણી પોર્ટ્સ અને અદાણી એન્ટરપ્રાઈઝિસના શેર ૫૨ સપ્તાહની ટોચે પહોંચી ગયા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટાકંપની જીયોફાઈનાન્શિયલના શેરમાં આજે ૧૧ ટકાનો વધારો નોંધાયો છે અને તે રૂ. ૩૩૫ના સ્તરે પહોંચી ગયો છે. પેટીએમના શેરમાં ૫ ટકાનો વધારો નોંધાયો હતો જ્યારે સ્ટોવ ક્રાફ્ટ, એન્જિનિયર્સ ઈન્ડિયા, એચડીએફસી લાઈફ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ, નેસ્લે ઈન્ડિયા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા મોટર્સ, ટાટા ટેક, યુનિ પાર્ટ્સ અને હિન્દુસ્તાન ઝિંકના શેરમાં સ્પીડ જોવા મળી હતી. નોંધવામાં આવ્યું હતું. એચડીએફસી બેંક, પટેલ એન્જિનિયરિંગ, એનએમડીસી લિમિટેડ, આઈસીઆઈસીઆઈ બેંક, ગ્લોબસ સ્પિરિટ, કોટક મહિન્દ્રા બેંક, ટાટા સ્ટીલ, ઊર્જા ગ્લોબલ, એક્સિસ બેંક, યુપીએલ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, એશિયન પેઈન્ટ્સ, ઓએનજીસી, ઓમ ઈન્ફ્રા, દેવયાની ઈન્ટરનેશનલ, બ્રાન્ડ કોન્સેપ્ટ, પંજાબ અને સિંધ બેંક અને કામધેનુ લિમિટેડના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

---

ભારત-આર્મીનિયા હથિયાર ડીલને લઈ અઝરબૈજાન અકળાયું

# અઝરબૈજાનનો પાકિસ્તાનથી ફાઈટર જેટ્સ ખરીદવા કરાર

**કરાર પાક. પ્રમુખ ડિફેન્સ કોન્ટ્રાક્ટર પાકિસ્તાન એરોનોટિકલ કોમ્પ્લેક્સ અને અઝરબૈજાનની વાયુસેનાની વચ્ચે થયો હતો**

। (એજન્સી) બકુ, તા.૨૩ ।

ભારત-આર્મીનિયા હથિયાર ડીલને લઈને અઝરબૈજાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે યુરેશિયાઈ દેશે પાકિસ્તાનની સાથે હથિયારોની મોટી ડીલ કરી છે. અઝરબૈજાને પાકિસ્તાનથી ૧.૬ અરબ ડોલરની JF-17 બ્લોક-III ફાઈટર જેટ્સ ખરીદવાનો કરાર કર્યો છે. આ કરાર પાકિસ્તાનના પ્રમુખ ડિફેન્સ કોન્ટ્રાક્ટર પાકિસ્તાન એરોનોટિકલ કોમ્પ્લેક્સ અને અઝરબૈજાનની વાયુસેનાની વચ્ચે થયો છે જે પાકિસ્તાનના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો નિકાસ કરાર છે. કરારમાં જેએફ-૧૭ ફાઈટર જેટ્સની સાથે ટ્રેનિંગ આપવાનું પણ સામેલ છે. પાકિસ્તાન એરોનોટિકલ કોમ્પ્લેક્સ એક મોટી કંપની છે જે પાકિસ્તાનની સેના માટે વિમાન અને બાકી સામાન બનાવે છે. તેને વર્ષ ૧૯૭૧માં પાકિસ્તાની વાયુસેનાએ શરૂ કર્યુ હતુ. કંપની પોતાના અમુક ઉત્પાદનો માટે તુર્કી અને ચીનની કંપનીઓની સાથે મળીને કામ કરે છે. યુરોપ અને એશિયાની વચ્ચે



વસેલા અઝરબૈજાન અને તેના પાડોશી દેશ આર્મીનિયામાં કટ્ટર દુશ્મની ચાલી આવી રહી છે. બંને દેશ નાગોર્ના-કારાબાખ વિસ્તાર પર પોતાના અધિકાર માટે લડતા આવ્યા છે. વર્ષ ૨૦૨૩માં અઝરબૈજાને લડતમાં જીત મેળવી અને નાગોર્નો કારાબાખ વિસ્તાર પર પોતાનો કબ્જો કરી દીધો.

વર્ષ ૨૦૨૩માં કારાબાખ હારી ગયા બાદ આર્મીનિયાએ ભારત અને ફ્રાંસની સાથે હથિયારોની મોટી ડીલ કરી હતી જેમાં એર ડિફેન્સ સિસ્ટમ અને બખ્તરબંધ ગાડીઓ સહિત અન્ય હથિયારોની ખરીદી સામેલ છે. આર્મીનિયાની સાથે ભારત-ફ્રાંસના હથિયાર ડીલને લઈને અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઈલ્હામ અલીયેવ ભડકી ગયા હતા.

## તંત્રી લેખ...

# રમઝાન પહેલા કેનેડાના મુસ્લિમોએ મોટો નિર્ણય લીધો

રમઝાન પહેલા કેનેડાના મુસ્લિમોએ એક મોટો નિર્ણય લીધો છે. તેના ૩૦૦ થી વધુ મુસ્લિમ સંગઠનોએ જાહેરાત કરી હતી કે કેનેડાની મસ્જિદો તે સાંસદોને પ્રવેશની મંજૂરી આપશે નહીં જેમણે માનવ અધિકારોના રક્ષણ માટે પગલાં લીધાં નથી અને ગાઝામાં ઈઝરાયેલના હુમલાઓની નિંદા કરી નથી. મુસ્લિમ સંગઠનોએ ખુલ્લો પત્ર લખીને આની જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી સાંસદો ઈઝરાયેલની નિંદા નહીં કરે ત્યાં સુધી અમે તેમને મસ્જિદોમાં પ્લેટફોર્મ નહીં આપીએ. પવિત્ર રમઝાન માસ શરૂ થવામાં હવે થોડો જ સમય બાકી છે, આવી સ્થિતિમાં ગાઝાના નાગરિકો સતત ઈઝરાયેલના હુમલાનું નિશાન બની રહ્યા છે, જેને લઈને વિશ્વના ઘણા દેશો અને માનવાધિકાર સંગઠનો ચિંતિત છે. કેનેડિયન મુસ્લિમ સંગઠનોએ સર્વસંમતિથી કહ્યું છે કે જ્યાં સુધી તેઓ ગાઝામાં ઈઝરાયેલના યુદ્ધ અપરાધોની જાહેરમાં નિંદા નહીં કરે ત્યાં સુધી કોઈ પણ મસ્જિદમાં સાંસદોનું સ્વાગત કરવામાં આવશે નહીં. નેશનલ કાઉન્સિલ ઓફ કેનેડિયન મુસ્લિમો કે જે કેનેડિયન મુસ્લિમો પર નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે, તે પણ જાહેરાત કરતી સંસ્થાઓમાં સામેલ છે. મુસ્લિમ જૂથના પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘જો તમે આ પત્રમાં લખેલી દરેક વાત સાથે ખુલ્લેઆમ અને આદરપૂર્વક સહમત નહીં થાવ, તો અમે તમને અમારી મીટિંગ્સને સંબોધવા માટે પ્લેટફોર્મ પ્રદાન કરીશું નહીં.’’ પત્રમાં એમ પણ લખવામાં આવ્યું છે કે રમઝાન મહિનો માનવતા માટે છે. આ મહિનામાં અમે મસ્જિદોમાં એવા જ સાંસદોનું સ્વાગત કરીશું જેમણે માનવતા બચાવવા માટે અવાજ ઉઠાવ્યો છે. ઈઝરાયેલના યુદ્ધ અપરાધો સામે પણ વિરોધ દર્શાવ્યો હતો. ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ ૧૦ માર્ચથી રમઝાન મહિનો શરૂ થાય છે. પત્રમાં સાંસદોને ગાઝા પરના હુમલા રોકવા અને ઈઝરાયેલને શસ્ત્રોની સપ્લાય રોકવા માટે અવાજ ઉઠાવવાની પણ માંગ કરવામાં આવી છે. ૭ ઓક્ટોબરે હમાસના હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પર હુમલો કરવાનું શરૂ કર્યું, ત્યાર બાદ ૪ મહિનાથી વધુ સમય વીતી ગયો છે. ઈઝરાયેલના બોમ્બમારામાં અત્યાર સુધીમાં ૨૯,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે અને ૬૯,૦૦૦થી વધુ ઘાયલ થયા છે. આ સિવાય મિલકતોને પણ મોટા પાયે નુકસાન થયું છે. હાલમાં ગાઝાના લોકો મૂળભૂત જરૂરિયાતોના અભાવથી પીડાઈ રહ્યા છે.

## અમદાવાદ ખાતે ફેબ્રુઆરી માસનો જિલ્લા કક્ષાનો ‘સ્વાગત કાર્યક્રમ’ યોજાયો

### જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને યોજાયો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ





। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ ખાતે ફેબ્રુઆરી મહિનાનો જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ કલેકટર કચેરી ખાતે યોજાયો હતો. આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે પણ હાજર રહ્યા હતા.

જિલ્લા કક્ષાના આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કુલ ૪૨ જેટલા અરજદારો હાજર રહ્યા હતા. તમામ અરજદારો ની સમસ્યાને કલેક્ટરશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. આ ઉપરાંત કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને ચોક્કસ સમયમાં પ્રશ્નોના નિકાલ લાવવાની સૂચના પણ આપી હતી. કલેક્ટરશ્રીએ તમામ અરજદારોની સમસ્યા સાંભળી નિયત સમયમાં હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી.

આ સ્વાગત કાર્યક્રમમાં ૪૨ જેટલા અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે, દૂષિત પાણી આવવા બાબત, જમીન સંપાદન અંગે ૭/૧૨માં નોંધ દાખલ કરવા બાબત, દબાણો દૂર કરવા બાબત, ગેરકાયદેસર બાંધકામ બાબત, પી.એફ.ના નાણાં પાછા લેવા બાબત, ગટરની સમસ્યા બાબત, સ્ટ્રીટ લાઈટ અને રોડ બાબત, દસ્તાવેજમાં સુધારો કરવા બાબત જેવા અનેક પ્રશ્નોનો કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ સ્થળ પર જ ત્વરિત નિકાલ કર્યો હતો.

પોતાની સમસ્યાનું નિરાકરણ આવતા તમામ અરજદારોના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું. અને તમામ અરજદારો એ સ્વાગત કાર્યક્રમની પહેલને બિરદાવી સરકાર તથા જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી સુધીર પટેલ તથા સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારનો સ્વાગત કાર્યક્રમ એ જનસામાન્યના પ્રશ્નોનું સુખદ સમાધાન લાવવાનું માધ્યમ બની ગયો છે. આ સ્વાગત કાર્યક્રમને ૨૦ વર્ષ પૂર્ણ થવા પર તાજેતરમાં જ સમગ્ર રાજ્યમાં સ્વાગત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

---

**દરેક સ્મશાન તીર્થ છે, જ્યાં પાંચ વસ્તુઓ હોય અને તીર્થ સમજવું! તીર્થ માટેની પાંચ વસ્તુ દર્શાવતો એક શ્લોક મને મળ્યો છે**

# જળ, તપ, વન, અગ્નિ, અને મંત્ર એ પાંચ સાધન જ્યાં નિરંતર ઉપલબ્ધ છે, એ કેવળભૂમિ નથી પણ તીર્થ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ કામધેનુંનાં આંચળ બતાવવામાં આવ્યા છે. કાશી એટલે કે કળિયુગની કામધેનુનો ચારો શું છે? કામધેનુ માનવીના વિચાર અને કુવિચારનો ચારો ચરે છે, પુણ્ય અને પાપ બધું જ ચરી જાય છે, કાશી આપણને કર્મમુક્ત કરે છે**

આઠમા દિવસની કથાનાં વિષયમાં પ્રવેશ કરતા કહ્યું કે આ સ્મશાન કેવળ ભૂમિ નથી, મોટું તીર્થ છે. ઘણા યુગો પહેલા ભગવાન વિષ્ણુ અહીં ખૂબ તપશ્ચર્યા કરીને પછી સુદર્શન ચક્રથી એક કુંડ નિર્મિત કર્યો હતો, જે કુંડ આજે પણ મોજુદ છે. એ કુંડમાં ભગવાન શંકર સ્નાન કરતાં, કથા એવી છે કે અહીં એમનું કુંડળ પડી ગયું હતું, તો આ કેવળભૂમિ નથી પણ તીર્થ છે. એક શ્લોક છે જે આ વાતને પ્રતિપાદિત કરે છે, અને હું એ તમારી સમક્ષ મૂકી રહ્યો છું, જ્યાં પાંચ વસ્તુ હોય એને તીર્થ કહેવાય છે. વિનય પત્રિકામાં કાશી વિશેનું એક બહુ મોટું પદ છે કામધેનુ કલિ કાશી. કાશીને તુલસીદાસજીએ કળિયુગની સાક્ષાત કામ દુર્ગા ગાય કહી છે. આ કામ દુર્ગા શુભ ફળ આપનારી, મનવાંચિત ફળ આપનારી કાશીનગરી છે. એમાં જેટલા તીર્થ છે, એ કામ દુર્ગા ગાયના અંગ છે, અને અગણિત અવિનાશી શંકરના મંદિર છે, બધા જ જાણે કે કામધેનુ ગાયના રોમે રોમમાં લાગેલા શિવલિંગ છે. ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ કામધેનુંનાં આંચળ બતાવવામાં આવ્યા છે. કાશી એટલે કે કળિયુગની કામધેનુનો ચારો શું છે? કામધેનુ માનવીના વિચાર અને કુવિચારનો ચારો ચરે છે, પુણ્ય અને પાપ બધું જ ચરી જાય છે, કાશી આપણને કર્મમુક્ત કરે છે. મણિકર્ણિકા ઘાટ એ કાશીરૂપી કામદુર્ગાનું કલંક રહિત ચંદ્રમુખ છે. ચંદ્રમુખ સાથે સરખાવ્યું છે તો ક્ષય અને વૃદ્ધિ એટલે કે કૃષ્ણ પક્ષ અને શુક્લ પક્ષ બંનેથી મુક્ત છે. કાશી તો મહાસમશાન છે. કોઈના મુખ પર કચરો ફેંકવો એ બરાબર નથી એટલે ઘાટને સ્વચ્છ રાખો. મેં ઘણી વાર કહ્યું છે કે આખા વિશ્વનું કે બ્રહ્માંડનું પ્રગટીકરણ થયું ત્યારે જે અવાજ થયો હતો એ રામ એવો અવાજ હતો. આ મારી વ્યક્તિગત શ્રદ્ધા છે કોઈ એને પ્રણવનો નાદ, એટલે કે ઓમકાર પણ કહે છે. ‘ર’કાર અને ‘મ‘કાર એ બંનેનો વિકાસ જ આ વિશ્વ છે, આ બ્રહ્માંડ છે, આખું જગત છે, એવું તુલસી કહે છે. વિશ્વ પ્રગટ પણ રામ નામથી, વિશ્વ પલિત પણ રામ નામથી, અને જ્યારે પ્રલય થશે ત્યારે અંતમાં પણ રામ નામ જ બચશે.

**જેહિ મહું આદિ મધ્ય અવસાના,**
**પ્રભુ પ્રતિપાદ્ય રામ ભગવાના.**

દરેક સ્મશાન તીર્થ છે, જ્યાં પાંચ વસ્તુઓ હોય અને તીર્થ સમજવું! તીર્થ માટેની પાંચ વસ્તુ દર્શાવતો એક શ્લોક મને મળ્યો છે.

**જલં યત્ર, તપં યત્ર, યત્ર કાનનં મેવ ચ,**
**નિત્યં યત્ર મંત્રાગ્નિ તીર્થ પંચક ઉચ્યતે.**

જ્યાં જળ તપસ્યા અને વન હોય એ ત્રણ તીર્થના પ્રમાણ છે. આ ઉપરાંત મંત્ર અને અગ્નિ જ્યાં નિરંતર પ્રગટ થતા હોય એ સ્થળ પણ તીર્થ છે. સ્મશાનમાં ગંગા વહે છે, એટલે કે જળ તો છે. ઉપરાંત ગંગાએ માત્ર નદી નથી, એ પોતે બહુ મોટું તીર્થ છે. માનસમાં અંગદ એ રાવણને પડકારતા કહ્યું હતું કે શું ગંગા કેવળ નદી છે? રામાયણની કૃપાથી સદગુરુની કૃપાથી અને સૌની શુભકામનાઓથી આખી દુનિયામાં કથાની પોથી લઈને ફરું છું. વિદેશની નદીઓ પણ જોઈ છે, સ્વચ્છતા માટે કહેવું પડે, પણ એક પણ



નદી જોઈને નમન કરવાનું મન થયું નથી. હરહર ગંગે! નમઃ પાર્વતી પતય હર હર મહાદેવ આ નાદ પણ પર્યાવરણની શુદ્ધિનું કારણ બને છે. આપણા હાથ થોડા સંયમી થાય, અને આમ તેમ કચરોના ફેંકીએ. બાપુએ સૌને પ્રાર્થના કરતા કહ્યું કે જે ગામ પાસેથી કે કસ્બા પાસેથી ગંગા રહેતી હોય એમાં કૂડો કચરો ન ફેકો, તટને સ્વચ્છ રાખો. આ કેવળ નદી નથી મહાદેવી છે, શંકરજીને મસ્ત કે ચડાવે છે, એમાં તમે કચરો ફેંકો છો!; એક ગંગા નહીં દરેક તીર્થને આપણે ગંદકીથી બચાવીએ! હું ક્યાંય થી દક્ષિણા લેતો નથી, પણ આટલું કરો કે આપણા તીર્થોમાં સ્વચ્છતા જળવાઈ રહેવી જોઈએ! કારણ કે તીર્થ પવિત્ર તો છે જ પણ, અસ્વચ્છતાને કારણે તેની પવિત્રતા અનુભવાતી નથી. દેશ કાળ પ્રમાણે આશ્રમનું રૂપ બદલે, મંદિરોનું રૂપ બદલે, એ બધું સ્વાગત યોગ્ય છે. પરંતુ આ બધા તીર્થ ત્યારે જ કહેવાશે જ્યારે તેમાં સાધના થતી રહે, તપ થતું રહે, મારી સ્પષ્ટ ઘોષણા છે કે ભજનના ભોગે કોઈ પ્રવૃત્તિ નહીં કરવી જોઈએ. ભજન વધારવું જોઈએ! પોતાની જાગૃતિથી ભજનમાં રૂકાવટ ન આવતી હોય તો જગમંગલ માટે કોઈપણ સદપ્રવૃત્તિ કરો. તુલસી કહે છે કે, તીર્થ એ છે જ્યાં તપ હોય, અયોધ્યા, મથુરા, વૃંદાવન, ચિત્રકૂટ, એ બધા જ તીર્થ છે. ત્યાં આપણે શા માટે ખેંચાઈએ છીએ! કેમ કે હજી પણ ત્યાં તપ છે. તપશ્ચર્યામાં વૃદ્ધિ ન થાય તો કંઈ નહીં, પરંતુ ખોટ ન આવે એટલું ધ્યાન રાખીએ. આપણા ઋષિમુનિઓએ અહીં બેસી જે તપ કર્યું છે એની ફિક્સ ડિપોઝિટ આપણે તોડીએ નહીં, તો પણ ઘણું. તુલસી આગળ કહે છે કે ત્યાં વન છે. કાશીને આનંદ કાનન પણ કહેવાય છે, વન એટલે કે હરિયાળી હોવી જોઈએ, લીલી વનસ્પતિ ભગવાનની રોમાવલી છે. મંત્રાગ્નિ નિત્યં યત્ર! તીર્થમાં નિરંતર મંત્રનો જાપ થતો હોય છે. હું સવારે હોડીમાંથી ઘાટના દર્શન કરું છું, તો ઘણા પંડિતજી, આચાર્યો, કે સાધકો મંત્ર જાપ કરે છે, એ અન્ય કોઈ જગ્યાએ જોતા નથી. તો થઈ રહ્યું છે એનો કેવળ સંતોષ લેવાની બદલે આગળના ૧૦૦ વર્ષ પણ તીર્થોનું તપ પણ જળવાઈ રહે એવા પ્રયત્નો આપણા થકી થવા જોઈએ. અહીં અખંડ અગ્નિ છે, અને અહીંથી અગ્નિ લઈ સ્મશાનમાં અગ્નિદાહ કરવામાં આવે છે. આમ પ્રત્યેક સ્મશાન તીર્થ છે, પણ મણિકર્ણિકા ઘાટ મહાન તીર્થ છે. સ્મશાન ભગવાન શિવ માટે ક્રીડા સ્થળ છે, અને જીવ માટે જાગરણનું સ્થળ છે, તેમજ શબ માટે વિશ્રામ નું સ્થળ છે. આવા માનસ મસાનની કથા આપણે આઠ દિવસથી ગાઈ રહ્યા છીએ.

**લાગતી અવધ ભયાવનિ ભારી**
**માનહું કાલરાતિ અંધિયારી.**
**ઘર મસાન પરીજન જનુ ભૂતા,**
**સુત હિત મિત મનહું જમદુતા.**

જે ઘરમાંથી સત્ય ચાલ્યું જાય, જે પરિવારમાંથી ત્યાગ ચાલ્યો જાય, શહનશીલતા ચાલી જાય! એ ઘર સ્મશાન નથી તો બીજું શું છે? રામ વનમાં ગયા એટલે સત્ય ગયું, લક્ષ્મણ ગયા એટલે ત્યાગ ગયો, અને કે જાનકી ગયા એટલે સહનશક્તિ ગઈ, એટલે જ એ સ્મસાન છે. આપણે ઘરને પણ સ્મશાન કહ્યું છે, સાંપ્રત સમયમાં દરેક ઘરમાં કોઈને કોઈ સમસ્યા છે, અને સતત ભૂતકાળનું જ રટણ થતું હોય, એટલે ત્યાં ભૂત પણ છે. અહીં તો પ્રાસ માટે યમદૂત લખ્યું છે, પણ મારી દ્રષ્ટિએ યમરાજની ત્રણ દુતીની છે. માનવીની ત્રણ પ્રકારની એષણા યમરાજની દૂતીની છે. સુતેષણાં, વિત્તેષણાં, અને લોકેષણા જે ઘરમાં નિરંતર અભદ્ર નાચ કરતી હોય એ ઘર સ્મશાન છે. એક શ્રોતાના પ્રશ્નના જવાબ માં કહ્યું કે રામકથા પણ પૂર્ણ જીવતા અને પૂર્ણ મરતા શીખવે છે, અને કૃષ્ણ કથા પણ પૂર્ણ જીવતા અને પૂર્ણ મરતા શીખવે છે, એક પણ ની ઉપેક્ષા ન કરો. બીજા એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે વિવેકની પ્રાપ્તિ સત્સંગથી થાય છે, અને વિવેકનું વર્ધન પણ સત્સંગથી થાય છે. સંતનું વ્યક્તિગત સામીપ્ય ન મળતું હોય તો! સંતોષ સ્મરણથી વિવેકનું વર્ધન થઈ શકે? પૂજ્ય બાપુએ જવાબમાં કહ્યું કે બિલકુલ! કોઈ સંત પાસે શારીરિક રીતે બેસવું એ જ માત્ર સંત મિલન નથી. બુદ્ધ પુરુષ સાથે સ્નેહ સંબંધ હોય છે, અને એટલે જ એ સત્સંગનું કામ કરે છે. પરમાત્માનો સૌની સાથે સ્નેહ સંબંધ હોય છે, જે મહાપુરુષ હોય, પહોંચેલો ફકીર, સંત કે બુદ્ધ પુરુષ હોય એ ખબર પણ ન પડે એ રીતે નિરંતર એક પ્રકારની અસંગતા જાળવી અને બધા સાથે સ્નેહ સંબંધ રાખે છે. કોઈપણ દેહ સંબંધ શાશ્વત નથી, સ્નેહ સંબંધ જ સાચો સંબંધ છે, અને એટલે જ સંત સ્મરણથી વિવેક વર્ધન થાય છે. અન્ય એક પ્રશ્ન શું સારા માણસો પણ ખરાબ કામ કરી શકે?: જવાબમાં બાપુએ કહ્યું કે આપણે જીવ છીએ અને આપણું જ્ઞાન અખંડ નથી રહી શકતું, અખંડ જ્ઞાન કેવળ પરમાત્માનું રહે છે. એટલે આપણી ઘણી કમજોરીઓ હોય, અને એને કારણે નાની મોટી ભૂલ થઈ જાય, અથવા ખરાબ કામ થઈ જાય, પણ પરમાત્માને કહી દો ટૂંકમાં મેં ભૂલ હું તું ગગન મેં ચંદ્રમા, મે ધરા કી ધૂલ! અન્ય બે પ્રશ્નોના જવાબ પણ ટૂંકમાં આપ્યા. ભગવાન રામ જનકપુરના સુંદર સદનમાં નિવાસ કરે છે, અને વિશ્રામ બાદ નગર દર્શન માટે જાય છે. બીજે દિવસે પુષ્પવાટીકામાં પુષ્પ ચૂંટવા ગયા ત્યારે સીતાજી અને રામભદ્રજીનું પ્રથમ શીલવંત મિલન થયું, અને જાનકીજીએ ભવાનીની સ્તુતિ કરી, મૂર્તિ મુસ્કુરાઈ!: આમ ધનુષભંગથી રામ વિવાહ સુધીના પ્રસંગને વર્ણવીને વિશ્વામિત્ર સાથે ભગવાન રામ અયોધ્યા પાછા ફર્યા ત્યાં સુધીની કથા કરી કથાને વિરામ આપ્યો.

---

**તમને વૈરાગ્ય ન આવ્યો અને એક દિવસની કથાથી છોકરાને શું વૈરાગ્ય આવી જશે? કેવી વાત કરો છો તમે?**

# સત્સંગનો આશરો લેવાથી જ જ્ઞાનની આંખો ખુલી શકે છે અને આત્માની ભીતરની આંખો પરથી ભ્રમનો પડદો હટાવી શકાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પ્રભુ પ્રત્યે પ્રેમ વધે એટલે આસક્તિની ગાંઠ છૂટી જાય, માટે ઈશ્વર એકલો જ સાચો છે એમ માની નિત્ય તેનું સ્મરણ કરવું**

શાસ્ત્રમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને અવિદ્યાને સાત ગાંઠ બતાવી છે. આ સાત ગાંઠોમાં જીવ બંધાયેલો છે,તેમાંથી તેને છોડાવવાનો છે. ભાગવતની કથા શ્રવણ કરવાથી વાસનાની એક-એક ગાંઠ તૂટે છે. પ્રભુ પ્રત્યે પ્રેમ વધે એટલે આસક્તિની ગાંઠ છૂટી જાય. માટે ઈશ્વર એકલો જ સાચો છે એમ માની નિત્ય તેનું સ્મરણ કરવું. એક ગૃહસ્થ બાર વર્ષથી ભાગવત ની કથા સાંભળે. એક બ્રાહ્મણરોજ કથા કરવા આવે. એક દિવસ શેઠ ને બહારગામ જવાનું થયું. કથા સાંભળવાના નિયમનો ભંગ કેમ થાય? તેમણે બ્રાહ્મણને કહ્યું, મારાથી કાલે કથા નહીં સંભળાય. નિયમનું શું થશે? બ્રાહ્મણે કહ્યું, તમારા બદલે તમારો પુત્ર કથા સાંભળશે તો ચાલશે. ગૃહસ્થે કહ્યું, પરંતુ કથા સાંભળી એને ક્યાંક સંસાર ઉપરથી વૈરાગ્ય આવી જાય તો?

બ્રાહ્મણે કહ્યું, બાર વર્ષથી તમે કથા સાંભળો છો. તમને વૈરાગ્ય ન આવ્યો અને એક દિવસની કથાથી છોકરાને શું વૈરાગ્ય આવી જશે? કેવી વાત કરો છો તમે? યજમાન કહે છે, અમે રોજ કથા સાંભળીએ છીએ, પણ મનની ગાંઠ છોડતા નથી તો! પરમાત્માના ચરણોનો આશ્રય લઈ મહાપાપી ધુંધુકારી દેવ જેવો બન્યો. ધુંધુકારીને લેવા પાર્ષદો વિમાન લઈને આવ્યા. ગોકર્ણ પાર્ષદોને પૂછે છે કે, એકલા ધુંધુકારી માટે વિમાન લાવ્યા, બીજા કોઈ માટે ન લાવ્યા? ત્યારે પાર્ષદો કહે છે કે, તે એક આસને બેસતો. ઉપવાસ કરતો અને કથાનું રોજ શ્રવણ સાથે મનન કરતો!માટે કથા રોજ ધુંધુકારીની જેમ સાંભળવી જોઈએ .તેણે કથાનું શ્રવણ, મનન એટલે નિદિધ્યાસન કર્યું એટલે મુક્તિ મળી. દઢતા વગરનું જ્ઞાન નકામું, બેદર કારીથી કરેલું શ્રવણ નકામું, સંદેહ હોય તે મંત્ર નકામો અને વ્યગ્ર ચિત્તે કરેલો જપ પણ નકામો કથામાં બેઠા હોય પણ મન ન હોય તો એ શ્રવણ શું કામ નું! કથા સાંભળતી વખતે તન, મન અને ઘરનું ભાન ભૂલાઈ જવું જોઈએ.તન્મયતાથી કથા સાંભળવી જોઈએ. કથા સાંભળી જીવનમાં એક લક્ષ્ય નક્કી કરવું જોઈએ. ભાગવત ભગવાનની કથા પ્રભુના દિવ્ય સદગુણોને જીવનમાં ઉતારો.પૂર્વજન્મનો વિચાર



ન કરો. જનકરાજાએ પોતાના પૂર્વજન્મો જોવા ઋષિ યાજ્ઞવલ્ક્ય પાસે માગણી કરી. યાજ્ઞવલ્ક્ય તેને તેના પૂર્વજન્મો બતાવ્યા. જનકરાજાએ જોયું કે, પોતાની પત્ની અગાઉના એક જન્મમાં પોતાની માતા હતી. તેઓને દુ:ખ થયું. તેથી એ પૂર્વજન્મના વિચારો ન કરો. આ જન્મ જ સુધારવા પ્રયત્ન કરો.કથા એ પણ કીર્તન ભક્તિનું સ્વરૂપ છે અને કીર્તન ભક્તિ દ્વારા જે પરમાત્માના દર્શન થાય છે, એ કથાશ્રવણ દ્વારા પણ થઈ શકે છે.સંસારનો જીવમાત્ર વ્યાસ નારાયણનો શિષ્ય છે. ભાગવત એ મૃત્યુ સુધારનારી ઔષધિ છે. મૃત્યુ કોને નથી?

મૃત્યુનો ડર કોને નથી? સૌને છે, એટલે સૌને આ ઔષધિની જરૂર છે. સત્યને ઉપનિષદોનો પણ ટેકો છે. સત્યમેવ જયતે, સત્યનો હમેશાં વિજય થાય છે. સત્યવાદી રાજા હરિશ્ચંદને આજે પણ યાદ કરવામાં આવે છે. શ્રી રામ ભગવાનનું સત્ય રામાયણમાં ઠેરઠેર છે. દયા-કરુણા-ભગવાનનું એક નામ તો કરૂણાનિધાન છે. બૌદ્ધ ધર્મની તો આધારશિલા જ કરૂણા છે. પરમાત્મા શ્રીકૃષ્ણનું નામસ્વરૂપ એ આ ભાગવત છે. પરમાત્માએ જગતમાં પોતાનું સ્વરૂપ છુપાવ્યું છે, પણ નામ છુપાવ્યું નથી, પણ નામ પ્રગટ રાખ્યું છે. માટે પરમાત્માના નામ સાથે પ્રીતિ કરો. નામ સાથે પ્રીતિ થાય ત્યારે જ વાસના છૂટે છે. જ્યાં નામ છે ત્યાં પરમાત્માને પ્રકટ થવું જ પડે છે. ભાગવત એ પરમાત્માનું નામસ્વરૂપ છે. માટે તે દિવ્ય છે. આચાર્ય ચાણક્ય કહે છે કે ‘‘મહેનત કરવાથી ક્યારેય ગરીબી નથી આવતી, ધર્મ કરવાથી પાપ અને મૌન રાખવાથી ક્યારેય ઝગડો વિવાદ નથી થતો.’’ સખત પરિશ્રમ - માત્ર મહેનત કરવી જ પુરતી નથી, પરંતુ યોગ્ય દિશામાં અથવા તે જ દિશામાં સખત મહેનત કરવી પણ ફરજિયાત બની જાય છે. યોગ્ય સમયે અને સાચી દિશામાં કરવામાં આવતી મહેનત હંમેશા જીવનમાં પ્રગતિનું મૂળ છે. ધર્મ - સત્ય, પ્રેમ અને કરુણા એ ધર્મનું મૂળ છે. જો ધર્મને સર્વગ્રાહી દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો પરોપકાર, પરોપકાર, સર્વ જીવોની સેવા, સત્કર્મ, ઉમદા કાર્યો, સારા શાસ્ત્રો કે સત્સંગનો આશ્રય લેવો, આ બધા ધર્મના સ્વરૂપો છે. જ્યારે વ્યક્તિ આ દૈવી ગુણોને પોતાના જીવનમાં ગ્રહણ કરે છે, ત્યારે તેની પાપી વૃત્તિઓ આપોઆપ નાશ પામવા લાગે છે. મૌન-મૌન તોડવાથી પરિવારમાં કે સમાજમાં મતભેદ થાય છે. વિવાદના ઝેરને કાપવા માટે મૌન એક શક્તિશાળી શસ્ત્ર છે. જો ક્રોધની ક્ષણોમાં મૌનની દવાનું સેવન કરવામાં આવે તો વિવાદનો રોગ શક્ય નથી. ક્રોધની ક્ષણોમાં મૌન જાળવવું અને ધર્મના માર્ગનો આશરો લેવો અને સંપૂર્ણ એકાગ્રતાથી પરિશ્રમ કરવો એ જ સફળ જીવનનું સૂત્ર છે. ‘‘ઈશ્વર’’ જેણે આખી દુનિયા બનાવી,આપણને જીવન અને સહારો આપ્યો,માયાના પ્રભાવથી તે પણ જીવને પરાયું લાગવા માંડે છે.બધું અહીં છોડવાનું છે એ જાણ્યા પછી પણ લોકો ધન અને મૂર્ખની જેમ મિલકત.વ્યક્તિ પીછો કરીને પોતાનું જીવન બગાડે છે. જીવને માયા હંમેશા ભ્રમમાં રાખે છે. જે કોઈ વસ્તુ તમારી નથી તેને તમારું માની લેવું એ ભ્રમ કહેવાય છે, માયા અભેદ્ય છે, તે વેબ પછી વેબ વીણતી રહે છે, તેના મોહક ચિત્રોનો કોઈ અંત નથી. સત્સંગનો આશરો લેવાથી જ જ્ઞાનની આંખો ખુલી શકે છે અને આત્માની ભીતરની આંખો પરથી ભ્રમનો પડદો હટાવી શકાય છે. માયાના અતિશય ચિંતનથી આત્મા દુ:ખી થાય છે, માયાનો નહીં માયાપતિનો આશરો લેવો. યાદ રાખો..તફાવતો. શક્ય છે પણ ભેદભાવ નથી...!!!

# પહેલા વાત પણ નહોતા કરતા, પછી પીવા માટે જંગલમાં ગયા

## કચ્છે ધાગેના સેટ પર અજય સાથે વિતાવેલા સમયને યાદ કરતાં સૈફે ઝૂમને કહ્યું કે, અજય ખૂબ જ અદ્ભુત છે



સૈફ અલી ખાન અને અજય દેવગનની ફિલ્મ 'કચ્છે ધાગે' રિલીઝ થયાને ૨૫ વર્ષ થઈ ગયા છે. ૧૯૯૯ની ફિલ્મ મિલન લુથરિયામાં સૈફ અને અજયને વિખૂટા પડી ગયેલા ભાઈઓની ભૂમિકામાં દર્શાવવામાં આવ્યા હતા, જેઓ તેમના પિતાના અવસાન પછી ફરીથી ભેગા થવા મજબૂર થયા હતા. સૈફે આ ફિલ્મના શૂટિંગના દિવસોને યાદ કર્યા અને કહ્યું કે, કેવી રીતે તે અને અજય શરૂઆતમાં વાત પણ નહોતા કરતા, પરંતુ જ્યારે તેઓએ વાત કરવાનું શરૂ કર્યું, ત્યારે તેઓ એકબીજા સાથે કલાકો સુધી સાથે રહેતા હતા. આ સિવાય બંને દારૂ પીને જંગલમાં જતા હતા. કચ્છે ધાગેના સેટ પર અજય સાથે વિતાવેલા સમયને યાદ કરતાં સૈફે ઝૂમને કહ્યું કે, અજય ખૂબ જ અદ્ભુત છે. તેમનો સ્વભાવ પણ એકદમ રમુજી અને મૈત્રીપૂર્ણ છે. અમે ઘણો સમય સાથે વિતાવ્યો છે. સેટ પર હાથકડી પહેરીને રાજસ્થાનમાં ફરતા રહેતા હતા. કેટલીકવાર અમે સતત આઠ કલાક વાગાડી ચલાવતા હતા. અમે યુવાન હતાપ અમે લાંબા સમય સુધી શૂટિંગ કર્યું અને શૂટિંગ પૂરું થયા પછી અમે જંગલમાં ડ્રિંક માટે ગયા હતા. મને ઈમાનદારીથી લાગે છે કે, હવે આવી વસ્તુઓ નહીં બને. તેણે વધુમાં કહ્યું કે, પહેલા દિવસે બંનેમાંથી કોઈએ એકબીજા સાથે વાત કરવાની તસ્દી પણ લીધી ન હતી. થોડીવાર કોઈ બોલ્યું નહીં, બંને ચૂપ જ રહ્યા હતા. ભગવાનનો આભાર, કે થોડી વાર પછી તેણે કહ્યું કે, 'મને લાગે છે કે અમે ઠીક થઈશું.' અને અમે ખૂબ સારી રીતે એકબીજામાં ભળી ગયા હતા. સૈફે એમ પણ કહ્યું હતું કે, જો કે તેની પાસે ફિલ્મના શૂટિંગ સાથે જોડાયેલી ઘણી સારી યાદો છે, પરંતુ તેને ફિલ્મમાં તેનું પાત્ર પસંદ આવ્યું નથી. સૈફ અલી ખાન ટૂંક સમયમાં દેવરામાં જોવા મળશે. આ ફિલ્મમાં જુનિયર એનટીઆર અને જાહ્નવી કપૂર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે અને સૈફ વિલનની ભૂમિકા ભજવશે. તેની પાસે સિદ્ધાર્થ આનંદ સાથે એક એક્શન ફિલ્મ પણ છે. અજય દેવગન આગામી ફિલ્મ શૈતાનમાં જ્યોતિકા અને આર માધવન સાથે જોવા મળશે. આ ફિલ્મનું ટ્રેલર આજે રિલીઝ કરવામાં આવ્યું છે અને ફિલ્મ ૮ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ સિવાય અજય રોહિત શેટ્ટીની સિંઘમ અગેઈનનું પણ શૂટિંગ કરી રહ્યો છે.

### શૈતાનનું દમદાર ટ્રેલર રિલીઝ

# આર માધવન અને જાનકી ને જોઈને રાત્રે ઊંઘ નહીં આવે

## આ ફિલ્મમાં આર માધવન અને અજય એક સાથે જોવા મળશે, બન્ને જબરજસ્ત એક્ટિંગ ટ્રેલરમાં જોવા મળી રહી છે







બોલિવૂડમાં ફરી એખ વાર ભૂતિયા ફિલ્મોની કહાની વાપસી કરી રહી છે. અજય દેવગન અને આર માધવનની ફિલ્મ 'શૈતાન' લોકોને ડરાવવા માટે તૈયાર છે. ફિલ્મનું ટ્રેલર મેકર્સ દ્રાર રિલીઝ કરવામાં આવ્યુ છે. ટ્રેલર રિલીઝ કરતા અજય દેવગને મુવીની રિલીઝ ડેટ પણ જાહેર કરી દીધી છે. ફિલ્મનું ટ્રેલર જોરદાર છે. ફિલ્મમાં અજય દેવગન અને આર માધવન એકબીજાની સામ-સામે આવતા નજરે પડી રહ્યા છે. બન્ને વચ્ચે જબરજસ્ત ટક્કર જોવા મળશે. જો કે આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થતાની સાથે છવાઈ ગયુ છે. આ ટ્રેલરને જોતા ફેન્સ સુપર એક્સાઈટેડ થઈ ગયા છે. વૂડુ ગુડિયાનો પ્રયોગ સામાન્ય રીતે જાદુઈ પરંપરાઓ એટલે કે કાળા જાદુ કરવા માટે વિભિન્ન રૂપોમાં કરવામાં આવે છે. આ ફિલ્મમાં કાળા જાદુ અને વૂડુ ગુડિયાનો ખેલ જોવા મળી રહ્યો છે. અજય દેવગન, આર માધવન અને જ્યોતિકા સ્ટારર 'શૈતાન'ના ટ્રેલરમાં આ કાળા જાદુની ઝલક જોવા મળી રહી છે. સામે આવેલા આ ટ્રેલર પરથી એ સ્પષ્ટ થાય છે કે અજય દેવગન, જ્યોતિકા અને એની દીકરી કાળા જાદુ અને શૈતાનનું સામનો કરવાના છે. કાળા જાદુ કરનાર આ શૈતાન આર માધવન છે, જે અજય દેવગનના ઘરમાં બ્લેક મેઝિક કરીને દાખલ થાય છે અને એની દીકરીને વસમાં કરી લે છે. ત્યારબાદ આર માધવનના ઈશારા પર કઠપુતળીની જેમ નાચવા લાગે છે. આ ફિલ્મમાં જોવા મળશે કે કેવી રીતે અજય દેવગન શૈતાન સામે લડે છે અને દીકરીને બચાવે છે. વિલનની ભૂમિકામાં આર માધવન પહેલી વાર જોવા મળવાના છે. ફિલ્મનું ટ્રેલર રોમાંચથી ભરપૂર છે. દરેક પળમાં સસપેન્સ જોવા મળી રહી છે. શૈતાન જિયો સ્ટૂડિયોઝ, અજય દેવગન ફિલ્મ્સ અને પેનોરમા સ્ટૂડિયોઝ ઈન્ટરનેશનલની પ્રસ્તુતિ છે અને આ દેવગન, જ્યોતિ દેશપાંડે, કુમાર મંગત પાઠક અને અભિષેક પાઠક દ્રારા નિર્મિત છે.

આ ૮ માર્ચના રોજ રિલીઝ થશે. અજય દેવગનની આ વર્ષે બેક ટુ બેક અનેક ફિલ્મો રિલીઝ થશે. આ દિવસોમાં સિંઘમ અગેનના પ્રોડક્શનમાં વ્યસ્ત છે જેનું નિર્દેશન રોહિત શેટ્ટી કરી રહ્યા છે. સિંઘમ એક ફેમસ ફ્રેન્ચાઈઝ છે જેના અત્યાર સુધીમાં બે પાર્ટ બનીને રિલીઝ થઈ ગયા છે. બન્ને ફિલ્મોએ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી હતી. આ સિવાય અજય દેવગનની પાસે મૈદાન, ઔરોં મેં કહાં દમ થા, રેડ ૨, સન ઓફ સરદાર ૨, ધમાલ ૪ જેવી ફિલ્મો છે. આ ફિલ્મો એક પછી એક મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે.



### ઝૂંટવાઇ ગયો સુપરસ્ટારનો ટેગ, દેવામાં ડૂબ્યા

# ૯૦ કરોડના આલીશાન બંગલાએ બરબાદ કરી નાંખ્યું ૩ એક્ટર્સનું ચમકતું કરિયર

## રાજેશ ખન્ના ભારતના સૌથી પોપ્યુલર સુપરસ્ટાર્સમાંના એક હતા, આજે પણ લોકો તેના સ્ટારડમને યાદ કરે છે

રાજેશ ખન્ના ભારતના સૌથી પોપ્યુલર બોલિવૂડ સુપરસ્ટાર્સમાંના એક હતા. આજે પણ લોકો તેના સ્ટારડમને યાદ કરે છે. જો કે, એ જાણવું ખૂબ જ રસપ્રદ છે કે બોલીવૂડના પહેલા સુપરસ્ટાર રાજેશ ખન્નાએ તેમના જીવનમાં એક એવા સમયનો અનુભવ કર્યો હતો જ્યારે તેમને તેમની ભવ્ય હવેલી ખાલી કરીને ભાડાના મકાનમાં રહેવું પડ્યું હતું. પરંતુ શું તમે જાણો છો કે એવું માનવામાં આવે છે કે એક્ટરના તે આલીશાન ઘરે ૩ સુપરસ્ટાર્સની જિંદગી બરબાદ કરી દીધી છે અને આ લેખમાં આપણે તે જ બંગલા વિશે ચર્ચા કરી રહ્યા છીએ. મુંબઈના આલીશાન કાર્ટર રોડ પર સ્થિત બે બંગલા ૫૦ના દાયકાથી બોલીવૂડના રાજપરિવારની માલિકીના હતા. પહેલો હતો આશિયાના, જેમાં પ્રખ્યાત સંગીતકાર નૌશાદ હતા. જો કે, અહીં અમે નજીકમાં આવેલા આશીર્વાદ નામના બંગલાની વાત કરી રહ્યા છીએ. આ બંગલો મૂળ એંગ્લો-ઈન્ડિયન પરિવારની માલિકીનો હતો અને તેનું મૂળ નામ હવે ખોવાઈ ગયું છે. બોક્સ ઓફિસના બાદશાહ ભારત ભૂષણે આ ઘર ૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં ખરીદ્યું હતું. બૈજુ બાવરા, મિર્ઝા ગાલિબ, ગેટવે ઓફ ઈન્ડિયા અને બરસાત કી રાત જેવી હિટ ફિલ્મો સાથે તેઓ તેમની કરિયરના શિખર પર હતા. પરંતુ ૬૦ના દાયકામાં ભારત ભૂષણના સિતારા ઝાંખા પડવા લાગ્યો. તેની ફિલ્મો ફ્લોપ થઈ અને સુપરસ્ટાર પર ભારે દેવું થઈ ગયું, જેના પછી તેણે પોતાનું ઘર વેચવું પડ્યું. આ તે સમય હતો જ્યારે બંગલા વિશે નેગેટિવ વાતો પહેલીવાર સામે આવી હતી. ભારત ભૂષણ પછી રાજેન્દ્ર કુમાર અને રાજેશ ખન્નાની પણ આ જ હાલત થઈ. ૬૦ના દાયકાની શરૂઆતમાં બંગલાની જર્જરિત હાલતને જોતાં, ઉભરતા સ્ટાર રાજેન્દ્ર કુમાર તેને માત્ર ૬૦,૦૦૦ રૂપિયામાં ખરીદવા સક્ષમ હતા. તેણે બંગલાનું નામ તેમની દીકરીના નામ પરથી ડિમ્પલ રાખ્યું હતું. ડિમ્પલના રહેચાં, રાજેન્દ્ર કુમારને એક પછી એક હિટ ફિલ્મો મળતી ગઈ અને તેઓ જ્યુબિલી કુમાર તરીકે ઓળખાવા લાગ્યા. જો કે, વર્ષ ૧૯૬૮ની આસપાસ, તેમની કિસ્મતે પલ્ટી મારી અને કુમારની ફિલ્મો ફ્લોપ જવા લાગી. તેનું પ્રોડક્શન હાઉસ પણ ફેઈલ થઈ ગયું અને તે ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યા હતાં. બાદમાં તે પોતાનું નુકસાન ભરપાઈ કરવા માટે બંગલો વેચવા મજબૂર થઈ ગયાં હતાં. પછી આ ઘર નવા સુપરસ્ટાર રાજેશ ખન્ના પાસે ગયું. તે ૩૦ વર્ષના પણ થયા ન હતાં તે પહેલાં જ રાજેશ ખન્નાના નંબર વન એક્ટર બની ગયા હતાં. તેમણે બંગલાનું નામ આશીર્વાદ રાખ્યું. અમિતાભના જલસા અને શાહરૂખના મન્નતની જેમ આ ઘર મુંબઈમાં પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. પરંતુ ૧૯૭૪ સુધીમાં, રાજેશ ખન્નાની ફિલ્મો નિષ્ફળ થવા લાગી અને તેણે પોતાનો સુપરસ્ટાર ટૅગ ગુમાવ્યો. ફેમ ગુમાવ્યા પછી, તેમના લગ્ન તૂટી ગયા અને તેમની કરિયરના અંતમાં, રાજેશ ખન્ના કથિત રીતે બંગલામાં એકલા રહેતા હતા જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

# હું પરણેલી છું : અમીષા પટેલે કર્યો મોટો ધડાકો!

## હોલિવૂડ એક્ટર ટોમ ક્રૂઝને ખૂબ જ પસંદ કરે છે અને તેના પર ફિદા છે




અમીષાપટેલબોલિવૂડનીસૌથીફેમસએક્ટ્રેસીસમાંથી એક છે. પોતાની માસ્ટરક્લાસ એક્ટિંગ ક્વોલિટીના કારણે એક્ટ્રેસ પોતાના ફેન્સનું દિલ જીતવાનો કોઈ મોકો નથી છોડતી. 'કહો નાપપ્યાર હૈ', ગદર અને ગદર ૨ જેવી ઘણી બ્લોકબસ્ટર ફિલ્મોમાં જોવા મળેલી ૪૮ વર્ષની અમીષા વિશે લોકો એવું સમજે છે કે, હજું સુધી તેમના લગ્ન નથી થયાં, પરંતુ શુ તમે જાણો છો કે અમીષા પરીણિત છે? તમે પણ ચોંકી ગયાં ને! પરંતુ આ હકીકત છે. આ વાતનો ખુલાસો હાલમાં જ એક્ટ્રેસે પોતે કર્યો છે અને જણાવ્યું કે, આખરે એ મિસ્ટ્રી મેન કોણ છે. ૪૮ વર્ષની થઈ ચુકેલી અમીષા પટેલે ખુલાસો કર્યો છે કે, તે પરીણિત છે. તેણે ક્યારે, કોની સાથે અને ક્યાં લગ્ન કર્યા છે તેનો ખુલાસો તેણે હાલમાં જ કર્યો છે. સની દેઓલની એક્ટ્રેસે જણાવ્યું કે, આખરે તે કોના પ્રેમમાં પડી છે. ખરેખર, હાલમાં જ એક્ટ્રેસ અમીષા પટેલે ફિલ્મીજ્ઞાન સાથે વાતચીત કરી, જેમાં તેણે પોતાના કરિયર, દેઓલ પરિવાર સાથે પોતાના સંબંધ અને પોતાના પ્રેમ વિશે વાત કરી. તેણે જણાવ્યું કે, તે કોના પ્રેમમાં છે. તેણે કહ્યું કે, ભલે મે અસલ જીંદગીમાં લગ્ન ન કર્યા હોય પરંતુ હું એક વ્યક્તિને ખૂબ જ પ્રેમ કરું છું, જેને હું મારો પતિ માની ચુકી છું. સની દેઓલની એક્ટ્રેસે જણાવ્યું કે, તે હોલિવૂડ એક્ટર ટોમ ક્રૂઝને ખૂબ જ પસંદ કરે છે અને તેના પર ફિદા છે. તેણે કહ્યું કે, તે મનોમન ટોમને પોતાનો પતિ માની ચુકી છે. અમીષાની આ વાત સાંભળીને યુઝર્સ ચોંકી ઉઠ્યા છે અને તેની મજા લઈ રહ્યાં છે. એક યુઝરે લખ્યું, હા હું પમ એન્જેલિના જોલીનો પતિ છું. અન્ય એકે લખ્યું, લગ્ન કરી લીધા છે તો હવે બાળકો પણ કરી લો. તેવામાં કેટલાંક લોકોએ તેને દીપિકા પાદુકોણની કોપી ન કરવાની સલાહ આપી છે.

### યામી ગૌતમને અગાઉ આ રીતે ક્યારેય નહી જોઇ હોય

# ફિલ્મ આર્ટિકલ ૩૭૦માં જોરદાર એક્ટિંગ કરી

## યામી ગૌતમે શાનદાર કામ કર્યું છે, તેણે આખી ફિલ્મ દરમિયાન પોતાના અભિનયથી બધાને જકડી રાખ્યા



કેટલીક ફિલ્મો સારી હોય છે. કેટલાક ખૂબ સારી છે અને કેટલાક તેનાથી આગળ હોય છે. આ ત્રીજો પ્રકાર છે. આ ફિલ્મમાં યામી ગૌતમને જોવાની મજા આવી. આ એક શાનદાર કેમબેક છે. કાશ્મીર પર પહેલા પણ ઘણી ફિલ્મો બની છે પરંતુ કલમ ૩૭૦ અદ્ભુત છે. ફિલ્મમાં એક્શન અને ઈમોશનને સારી રીતે બેલેન્સ કરવામાં આવ્યું છે. આ એક એવી ફિલ્મ છે જે જોવી જ જોઈએ. બોલિવૂડમાં આવી ઘણી ફિલ્મો બની છે જે દેશનો ઈતિહાસ જણાવે છે, પરંતુ આર્ટિકલ ૩૭૦ તે ફિલ્મોમાંથી એક છે જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. યામી ગૌતમના કામે ફિલ્મમાં ચાર્મ ઉમેર્યો છે. ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે કલમ ૩૭૦ દૂર કરવામાં આવી અને સરકારને કઈ મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું. આ ફિલ્મમાં યામી ગૌતમ કાશ્મીરી અંદાજમાં જોવા મળી રહી છે. ફિલ્મની શરૂઆત કાશ્મીરની સુંદર ખીણથી થાય છે અને પછી વાર્તા સારી ગતિએ આગળ વધે છે. આ ફિલ્મ એવા લોકો માટે છે જેઓ કલમ ૩૭૦ને તેના સાચા અર્થમાં સમજવા માંગે છે અને તે સમયની પરિસ્થિતિઓ જાણવા માગે છે. ફિલ્મમાં અરુણ ગોવિલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકામાં ખૂબ જ સારી દેખાઈ રહ્યા છે. ઉપરાંત, જ્યારે તમે ફિલ્મ જોશો ત્યારે તમે કાશ્મીર અને કલમ ૩૭૦ને વધુ સારી રીતે જાણી શકશો. યામી ગૌતમે શાનદાર કામ કર્યું છે, તેણે આખી ફિલ્મ દરમિયાન પોતાના અભિનયથી બધાને જકડી રાખ્યા. યામીનો આ એક્શન મોડ તમારા મનમાં એક અલગ જ છાપ છોડશે. જ્યારે અરુણ ગોવિલે વડાપ્રધાનની ભૂમિકા ભજવી છે અને તેઓ પોતે જ વખાણવાલાયક છે. ઉપરાંત પ્રિયામણી, વૈભવ તત્વવાદી, કિરણ કરમાકર અને રાજ જુત્શીએ સહાયક ભૂમિકામાં સારું કામ કર્યું છે. આ ફિલ્મનું દરેક પાત્ર પોતાનામાં જ અદ્ભુત છે. આર્ટિકલ ૩૭૦ ફિલ્મ આદિત્ય જાંભલે દ્વારા નિર્દેશિત કરવામાં આવી છે અને તે ફિલ્મ દ્વારા શું કહેવા માંગે છે તે પણ સારી રીતે જણાવવામાં આવ્યું છે. ફિલ્મ પર તેમની પકડ દેખાઈ રહી છે અને આ ફિલ્મની ગણતરી તાજેતરની શ્રેષ્ઠ ફિલ્મોમાં થશે અને તેનું કારણ પણ અદભૂત ડિરેક્શન છે. એકંદરે આ મૂવી જોવાનું ચૂકશો નહીં.

# પૂજા શર્મા ૧૦૦૦ છોકરીઓને પછાડીને દ્રોપદી બની હતી

## વર્ષ ૧૯૮૮માં બી આર ચોપરાના ડાયરેક્શનમાં બનેલી સીરિયલ મહાભારતે ઘણા એક્ટર્સની કિસ્મત ચમકાવી દીધી હતી

નવી મહાભારતમાં એક્ટ્રેસ પૂજા શર્માએ 'દ્રોપદી'નું પાત્ર ભજવ્યું હતું. આ પાત્રથી એક્ટ્રેસ રાતોરાત ફેમસ થઈ ગઈ હતી. વર્ષ ૨૦૧૨માં અભિનયની દુનિયામાં પ્રવેશેલી પૂજા શર્મા પોતાની પહેલી સીરિયલમાં જ મુખ્ય ભૂમિકામાં જોવા મળી હતી. 'દ્રોપદી'ના પાત્રમાં એક્ટ્રેસ પોતાની શાનદાર એક્ટિંગથી દર્શકોના દિલો પર ઉંડી છાપ છોડવામાં સફળ રહી હતી. પૂજા શર્મા દ્રોપદીના પાત્રમાં તે કંઈક એવી રીતે ઢળી ગઈ હતી કે દર્શકો અસલમાં તેને 'દ્રોપદી' સમજવા લાગ્યાં હતાં. પોતાની એક્ટિંગથી દરેક પાત્રને પડદા પર જીવંત કરનારી એક્ટ્રેસ પૂજા શર્માની 'મહાભારત'માં કાસ્ટિંગની સ્ટોરી ખૂબ જ રસપ્રદ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પૂજા શર્માની સીરિયલ 'મહાભારત'ના ડાયરેક્ટરે એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ખુલાસો કર્યો હતો કે, તેણે 'દ્રોપદી'ના પાત્ર માટે ઓછામાં ઓછી ૧૦૦૦ છોકરીઓનું ઓડિશન લીધું હતું. પરંતુ પૂજા પહેલા તેને કોઈપણ એક્ટ્રેસમાં દ્રોપદીના પાત્રને પડદા પર જીવંત કરવાની કાબેલિયત ન દેખાઈ. મહાભારતથી ઘર-ઘરમાં ફેમસ થયેલી એક્ટ્રેસ પૂજા શર્મા આશરે દોઢ વર્ષ માટે પડદા પરથી ગાયબ થઈ ગઈ હતી. તે પછી તેણે વર્ષ ૨૦૧૭માં સીરિયલ 'અંત હી આરંભ હૈ'થી સ્ક્રીન પર કમબેક કર્યુ. સીરિયલ 'અંત હી આરંભ હૈ'માં પૂજા શર્મા 'કાલી'ના પાત્રમાં જોવા મળી હતી. આ ધાર્મિક સીરિયલમાં એક્ટ્રેસે પોતાની શાનદાર એક્ટિંગથી ફરી એકવાર દર્શકોની ખૂબ વાહવાહી લૂંટી. ઘણી સીરિયલ્સમાં કામ કરી ચૂકેલી પૂજા શર્મા ઘર-ઘરમાં લોકપ્રિયતા મેળવ્યા બાદ અચાનક જ પડદા પરથી ગાયબ થઈ ગઈ. વર્ષ ૨૦૧૯ બાદથી પૂજા શર્મા કોઈ સીરિયલમાં જોવા નથી મળી. આ એક્ટ્રેસ અભિનયની દુનિયાથી ભલે દૂર છે. પરંતુ તે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. સોશિયલ મીડિયા દ્વારા એક્ટ્રેસ પોતાના ફેન્સ સાથે જોડાયેલી રહે છે. સોશિયલ મીડિયા દ્વારા તે પોતાની લાઈફ અપડેટ્સ શેર કરતી રહે છે અને પડદાથી દૂર પૂજા બ્રાન્ડ્સની જાહેરાતો દ્વારા કમાણી કરે છે.

# વિધાનસભા નાયબ દંડક વિજયભાઈ પટેલના હસ્તે ડાંગ જિલ્લામાં રૂ. ૩૨.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલી પાંચ આંગણવાડીનું ઇ લોકાર્પણ કરાયું



। (માહિતી) સુરત, તા.૨૩ ।

વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલના હસ્તે ડાંગ જિલ્લામાં રૂ. ૩૨.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલી પાંચ આંગણવાડીનું ઇ લોકાર્પણ કરાયું : - સંકલિત બાળ વિકાસ સેવા યોજના, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રૂ. ૩૨.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ ડાંગ જિલ્લાની પાંચ આંગણવાડી કેન્દ્રોનું ઈ-લોકાર્પણ, વઘઈ ખાતેથી વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત દાવદહાડ-ર આંગણવાડી, વઘઈ તાલુકામા આયોજન મંડળ યોજના અંતર્ગત તૈયાર થયેલ લહાનબરડા આંગણવાડી, ટી.એસ.પી. યોજના અંતર્ગત તૈયાર થયેલ કલમખેત આંગણવાડી, તેમજ ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળની શિલોટમાળ આંગણવાડી, ઉપરાંત સુબિર તાલુકામાં ટી.એસ.પી.ની બોર્ડર વિલેજ યોજના અંતર્ગત તૈયાર થયેલ કેળ આંગણવાડી કેન્દ્ર એમ જિલ્લાના કુલ ૫ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ શ્રી વિજયભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન શ્રીમતી સારૂબેન વળવી, પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વચ્છતા હી સેવા : રાણપુર તાલુકાના વેજળકા ગામની પ્રાથમિક શાળા ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ



। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશનમાં શાળાના બાળકો પણ ઉત્સાહભેર સહભાગી થઈ રહ્યા હોય તે છે. શાળાઓમાં બાળકો દ્વારા સ્વચ્છતાને લઈને અલગ અલગ નિબંધ તેમજ ચિત્ર સ્પર્ધાઓ યોજાઈ રહી છે. આ તકે રાણપુર તાલુકાના વેજળકા ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકશ્રી નકુમ સરદારસિંહ અને ચૌહાણ ઈન્દ્રજીતસિંહ દ્વારા સ્વચ્છતા હી સેવા વિષય પર ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રાથમિક ધોરણમાં અભ્યાસ કરતી બાળાઓએ ઉત્સાહભેર ભાગ લઈ અવનવા ચિત્રો દોર્યા હતા. બાળકો રંગબેરંગી ચિત્રો દોરી સ્વચ્છતા જાળવવાનો સંદેશ આપ્યો હતો.

# કલજીની સરસવાણીના બારીયા ફળિયામાં એન.એસ.એસ શીબીરનુ આયોજન કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

આઈ.પી.મિશન હાયર સેકન્ડરી સ્કૂલ મુવાળા ઝાલોદ દ્વારા N.S.S (રાષ્ટ્રીય સેવા યોજના) દ્વારા કલજીની સરસવાણીના બારીયા ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં N.S.S ની ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટનમાં મુખ્ય મહેમાન તરીકે કલજીની સરસવાણી ના પૂર્વ સરપંચ રાકેશભાઈ.આર. ડામોર, મહિલા અધ્યાપન મંદિરના પ્રાચાર્ય ગીતાબેન કોઠારી તેમજ આઈ.પી. મિશન હાઈસ્કુલના આચાર્ય વાલસીંગભાઈ સંગાડા, બારીયા ફળિયા વર્ગ પ્રાથમિક શાળાના આચાર્ય રાજેશભાઈ પંચાલ ગામમાંથી પધારેલ હવસિંગભાઈ બારીયા, જયંતીભાઈ તુવર, નિલેશભાઈ તુવેર, કલાભાઈ, રાકેશભાઈ બારીયા તેમજ અન્ય ગ્રામજનો હાજર રહ્યા હતા.

આ શિબિરનું આયોજન એન.એસ. એસ પ્રોગ્રામ ઓફિસર મયુરભાઈ સી. પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં એન. એસ.એસની માહિતી તેમજ એન.એસ.એસ દ્વારા કયા કયા પ્રોગ્રામ કરવામાં આવશે અને ગામમાં સામાજિક જાગૃતિ, વ્યસન મુક્તિ તેમજ આરોગ્યને લગતી માહિતી બહુ જ ઝીણવટ પૂર્વક પધારેલ મહાનુભાવો દ્વારા આપવામાં આવી હતી. બારીયા ફળિયામાં પ્રથમ વખત આવું આયોજન થતાં ખુશીની લહેર દેખાઈ રહી હતી.

# વિવિધ દ્રષ્ટાંતો દ્વારા માતૃભાષાનું મહત્વ, ગુજરાતી ભાષાની મહત્વની કૃતિ વિશે રસપૂર્વક થઇ ચર્ચા



। (માહિતી) ગીર સોમનાથ, તા.૨૩ ।

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ તાલાળા (ગીર)ના સંયુક્ત ઉપક્રમે સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ, સનશાઈન સ્કૂલ બિલ્ડિંગ તાલાલા ખાતે માતૃભાષા મહોત્સવ-૨૦૨૪ યોજાયો હતો. આ તકે, વર્ચ્યુઅલ માધ્યમથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

કોલેજના આચાર્ય શ્રી ડેનિશ ડી લાડાણી દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરાયું હતું અને વિવિધ કાવ્ય પંક્તિઓ દ્વારા ગુજરાતી ભાષાનું મહત્વ, વિવિધ દ્રષ્ટાંતો દ્વારા માતૃભાષાનું મહત્વ, વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેનું સબળ અને સક્ષમ સાધન માતૃભાષા, ગુજરાતી ભાષાની મહત્વની કૃતિ અને એના રસસ્થાનોની મનભાવન રીતે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે 'મારા હસ્તાક્ષર, મારી માતૃભાષામાં' અભિયાન અંતર્ગત વક્તાશ્રીઓ શાળા-કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ માતૃભાષામાં સહી કરી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમની આભારવિધિ કોલેજના પ્રો.રાજેશ મૂલચંદાણીએ કરી હતી. માતૃભાષા મહોત્સવ કાર્યક્રમના સંયોજક અને સંચાલક તરીકે ગુજરાતી વિષયના પ્રો. ડૉ. અશ્વિન બારડ દ્વારા જવાબદારી નિભાવવામાં આવી હતી તેમજ આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાતી ભાષાના જાણીતા કવિ યોગેશભાઈ વૈદ્ય, તથા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ જાફરાબાદના ગુજરાતી ભાષાના મદદનીશ પ્રાધ્યાપક પ્રો. ડૉ.જીજ્ઞેશ આર રાદડિયા ઉપસ્થિત રહ્યા હતાં.

# મહીસાગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર શ્રીમતી નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને યોજાયો



। (માહિતી બ્યુરો) મહીસાગર, તા.૨૩ ।

જાહેર જનતાના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ થઈ શકે તે માટે માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેઓના મુખ્યમંત્રીકાળ દરમિયાન શરૂ કરાયેલ સ્વાગત કાર્યક્રમન થકી પોતાની મુશ્કેલીઓનું સ્થાનિક કક્ષાએથી જ નિરાકરણ મેળવ્યું છે. મહીસાગર જિલ્લાના કલેકટર કચેરી મિટિંગ હોલ ખાતે કલેકટર શ્રીમતી નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આજરોજ કુલ ૦૭ જેટલી અરજીઓનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે. આ તમામ ફરીયાદોના અરજદારશ્રીઓને સંબધિત વિભાગના અધિકારીશ્રીઓની હાજરીમાં જિલ્લા કલેક્ટર શ્રી દ્વારા સાંભળવામાં આવી હતી અને હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ, અધિક નિવાસી કલેકટરશ્રી સી વી લટા, અરજદારો સહિત તમામ જિલ્લા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઇન્ફોર્મેશન એન્ડ ગાઇડન્સ બ્યુરો, વડોદરા ખાતે રોજગાર ભરતીમેળો યોજાયો

। (માહિતી) વડોદરા, તા.૨૩ ।

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વડોદરા દ્વારા તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ વાગે યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરો, કમાટી બાગની સામે, યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજવામાં આવ્યો હતો. જેમાં એમ.બી.એ., એમ. કોમ., બી. ઇ. મિકેનિકલ/ ઈલેક્ટ્રિકલ/ કેમિકલ/ એનવાયરોમેન્ટ ની લાયકાત ધરાવતા અનુભવી અને બિન અનુભવી ૩૫ વર્ષ સુધીના મહીલા અને પુરુષ ઉમેદવારોની ૫૦ થી વધુ જગ્યા માટે વડોદરા જીલ્લાના ૭ જેટલા નોકરીદાતા હાજર રહ્યા હતા. જેના માટે ૪૦ થી વધુ લાયકાત ધરાવતા અનુભવી અને બિન અનુભવી ૩૫ વર્ષ સુધીના મહીલા અને પુરુષ ઉમેદવારો ભાગ લીધો હતો જેમાંથી ૨૦ ઉમેદવારોની પ્રાથમીક પસંદગી કરવામા આવી હતી. ભરતી મેળા પુર્વે ઉમેદવારો માટે ફ્યુચર પ્લેસમેન્ટ દ્વારા **"IMPORTANCE OF GROOMING AND HOW TO TACKLE INTERVIEW"** વિષય પર અને શ્રી નિશાંત જોષી દ્વારા "ઓવરસીસ એમ્પ્લોયમેન્ટ એન્ડ કરિઅર ઈન્ફોરમેશન" પર સેમીનાર યોજવામા આવ્યો હતો. ભરતી મેળામાં યુઈબીના નાયબ વડાશ્રી અલ્પેશ ચૌહાણ દ્વારા ઉમેદવારોને આજે થીંકીગ ડે ના દિવસે અભ્યાસ પુર્ણ કરીને માતા પિતાના સપના અને જે અભ્યાસ કર્યો છે તેનો માનવજાત માટે ઉપયોગ કરવા માટે જણાવ્યું હતું. વધુમાં રોજગારી, સ્વરોજગાર, વોકેશનલ તાલીમ અને એન્ટરપ્રેન્યોર ડેવલપમેન્ટ માટે તકો ઝડપવા માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ.

# વઘઈ ખાતે આઈ.સી.ડી.એસ દ્વારા જિલ્લા કક્ષાનો "વાલીઓ સાથેનો સંવાદોત્સવ" અને ભુલકા મેળો યોજાયો

। (માહિતી) સુરત, તા.૨૩ ।

ડાંગ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પુર્વ પ્રાથમિક શિક્ષણ પ્રોજેક્ટ "પા પા પગલી" અંતર્ગત આંગણવાડીના ૩-૬ વર્ષના બાળકોના વિકાસને ધ્યાને રાખી "શિક્ષણની વાત, વાલિઓ સાથેનો સંવાદોત્સવ" રૂપે ભુલકા મેળા કાર્યક્રમનું આયોજન ગુજરાત વિધાનસભા નાયબ દંડક વ ડાંગ જિલ્લાના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કૃષિ મહાવિદ્યાલય, વઘઈ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા પા પા પગલી યોજના થકી આંગણવાડીમાં આવતા બાળકોના જીવનમાં મહત્વના વર્ષોમાં ગુણવત્તા પૂર્ણ જીવન માટેનો મજબૂત પાયો નંખાય અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. આંગણવાડીમાં કાર્યકર અને તેડાગર બહેનો માતા યશોદા બની બાળકોનો માનસિક, સામાજિક અને સર્જનાત્મક



વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરી બાળકોના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપે છે. બાળકોની આંતરિક શક્તિઓને ખીલવવા માટે આંગણવાડીની બહેનોનો વિશેષ ફાળો રહેલો છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે વાલી સાથેનો સંવાદોત્સવ ખૂબ જરૂરી બની જાય છે, તેમ શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું. પા પા પગલી એટલે કે, બાળક ધીરે ધીરે ચાલતા શીખે છે, બાળક પ્રાથમિક શાળામાં જતા પહેલા આંગણવાડીમા રમતા રમતા શિક્ષણ મેળવે છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા અનેક યોજના બાળકો તેમજ માતાઓ માટે લાગુ કરવામાં આવી છે.

# જિલ્લા કલેક્ટર શ્રી અમીત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા લોક ફરિયાદ નિવારણ- જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

। (માહિતી) નડિયાદ, તા.૨૩ ।

ખેડા જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષસ્થાને તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજ જિલ્લા કલેકટર કચેરી, નડિયાદ ખાતે જિલ્લા સ્વાગત-લોક ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૩ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવે ઉપસ્થિત તમામ અરજદારોના પ્રશ્નો અને સંબધિત અધિકારીઓ દ્વારા આ પ્રશ્નોના અનુસંધાને કરવામાં આવેલી કામગીરીની રજૂઆત સાંભળી હતી અને સરકારની કાયદાકીય જોગવાઈ મુજબ પ્રશ્નોનુ નિરાકરણ લાવવા જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. જિલ્લા સ્વાગત કાર્યક્રમની આ બેઠકમાં જમીન છેતરપીંડીની ફરીયાદ, બિનખેતીની જમીન દુરસ્તી, ક્ષતિ સુધારણા અરજીમા હુકમ બાબતે, માલિકીની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ, માતૃ વંદના યોજનાના લાભ બાબતે, ગૌચર જમીન પરનુ દબાણ હટાવવા બાબતે, રખડતા ઢોર પુરવા બાબતે, ગેરકાયદેસર દબાણ દુર કરવા, અંત્યોદય રેશનકાર્ડ અને રસ્તાના સમારકામ સહિતના મુદ્દાઓ પર કુલ ૧૩ પ્રશ્નોની રજૂઆત સાંભળી સંબધિત વિભાગના અધિકારીઓને સ્થળ મુલાકાત કરી પ્રશ્નોની સમીક્ષા કરવા અને યોગ્ય નિરાકરણ લાવવા જિલ્લા કલેક્ટરશ્રીએ સુચના આપી હતી.

# આણંદ ખાતે જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો



। (માહિતી) આણંદ, તા.૨૩ ।

રાજ્યના નાગરિકોના પ્રશ્નોનું ઝડપી અને અસરકારક નિરાકરણ લાવવાના ઉદ્દેશ્યથી આરંભાયેલ સ્વાગત- ફરિયાદ નિવારણના પ્રજાલક્ષી કાર્યક્રમ અંતર્ગત હજારો અરજદારોના પ્રશ્નોનું સુખદ નિરાકરણ આવ્યું છે. પ્રતિમાસ સ્વાગત કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ સ્વાગત કાર્યક્રમ યોજાય છે. જે અન્વયે આણંદ જિલ્લા કલેકટર શ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, આણંદ ખાતે જિલ્લાના અરજદારોના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય તે માટે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા કલેકટરશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના - માર્ગદર્શન આપ્યુ હતું.

આ કાર્યક્રમમાં અરજદારો દ્વારા રજૂ થયેલ ૧૬ પ્રશ્નોની રજુઆત પૈકી ૧૫ પ્રશ્નોનું સ્થળ ઉપર જ નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અતુલકુમાર બંસલ અને નિવાસી અધિક કલેકટર શ્રી આર.એસ. દેસાઈ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ તથા અરજદારો ઉપસ્થિત રહ્યાં હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટેન્શનનું કારણ બની શકે છે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પ રિવારનો સહકાર તમને મદદ કરશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે- કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે-ઘર્ષણ થાય તેવી પ્રવૃત્તિઓ તમારે ટાળવી જોઈએ.

**મકર (ખ,જ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. આજે તમે ડેટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે કામનું દોડધામભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો. તમારો રૉમેન્ટિક સંબંધ આજે મુશ્કેલીમાં આવશે.

### ખેડૂત આંદોલનના ૧૧ દિવસ

# ખેડૂત આંદોલનમાં વધુ એક ખેડૂતનું મોત થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

એમએસપી કાયદા સહિતની અનેક માંગણીઓને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂત સંગઠનોનું આંદોલન ચાલી રહ્યું છે ત્યારે આજે આંદોલનના ૧૧માં દિવસે વધુ એક ખેડૂતના મોતના સમાચાર સામે આવી રહ્યા છે.

ખેડૂતોના આંદોલનમાં વધુ એક ખેડૂતે જીવ ગુમાવ્યો છે. આ સાથે જ ૧૩ ફેબ્રુઆરીએ ખેડૂતોની 'દિલ્હી ચલો' કૂચના એલાન બાદ અત્યાર સુધીમાં પાંચ ખેડૂતોના મોત થયા છે. મૃતક ખેડૂતની ઓળખ દર્શન સિંહ તરીકે થઈ છે જેની આશરે ઉંમર ૬૨ વર્ષ છે. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર મૃતક ખેડૂત પંજાબના ભટિંડાના અમરગઢ ગામના રહેવાસી હતા. દર્શન સિંહનો પરિવાર ૮ એકર જમીન ધરાવે છે અને હાલમાં તેમના પરિવાર પર ૮ લાખ રૂપિયાનું દેવું છે. તેણે થોડા દિવસ પહેલા જ પુત્રના લગ્ન કર્યા હતા.

ખેડૂત સંગઠને દર્શન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સંગઠને મૃતક ખેડૂતના પરિવારને વળતરની માંગ કરી છે. સંગઠનના જિલ્લા મહાસચિવ રેશમ સિંહે કહ્યું કે, સરકારે ખેડૂતોને સરહદ પર મરતા અટકાવવા તેમની માંગણીઓ સ્વીકારવી જોઈએ.

### જોધપુરમાં એક અનોખું સ્ટાર્ટએપ શરૂ થયું

# જોધપુરમાં અંતિમ સંસ્કાર માટે અલગ-અલગ પેકેજ આપતી અંતિમ સત્ય સંસ્થા

। (એજન્સી) જોધપુર, તા.૨૩ ।

જોધપુરમાં એક સ્ટાર્ટઅપ શરૂ થયું છે જે પોતાનામાં અનોખું છે. અંતિમ સત્ય નામની આ કંપની અંતિમ સંસ્કાર માટે અલગ-અલગ પેકેજ આપી રહી છે. કંપની મૃત્યુના દિવસથી તેરમા દિવસ સુધી સેવાઓ પૂરી પાડે છે. અંતિમ સંસ્કારમાં રડવા માટે પણ કંપની લોકોની વ્યવસ્થા કરી આપે છે.

વર્તમાન સમયમાં પરિવારો નાના થતા જાય છે અને ખાસ કરીને શહેરોમાં ન્યુક્લિયર ફેમિલી વધી રહી છે. જેના કારણે ચોક્કસ પ્રસંગોમાં સંબંધીઓની અછત ખાસ વર્તાય છે. એવામાં પણ જો કુટુંબમાં કોઈનું મૃત્યુ અને ત્યાર પછી થતી ધાર્મિક વિધિઓ, જેના વિશે બહુ ઓછા લોકો જાણતા હોય છે. એટલા માટે જોધપુરમાં કેટલાક લોકોએ મળીને 'અંતિમ સત્ય' નામની કંપની બનાવી છે જે અંતિમ સંસ્કારથી લઈને છેલ્લા ૧૩ દિવસ સુધી અંતિમ સંસ્કાર કરે છે. આ ઉપરાંત રૂદાલીની જેમ રડતા લોકો પણ આપે છે.

અંતિમવિધિ માટે કંપનીએ અલગ-અલગ પેકેજ પણ બનાવ્યા છે, જે મુજબ સર્વિસ આપવામાં આવે છે. કંપનીના કો-ફાઉન્ડર ગજેન્દ્ર પારેકે જણાવ્યું કે વેબસાઈટ પર ટ્રાફિક આવી રહ્યો છે. આ ઉપરાંત લોકોના પ્રશ્નો પણ આવવા લાગ્યા છે. કંપનીએ બે મહિનામાં છ પરિવારોના અંતિમ સંસ્કાર કર્યા છે. કંપનીના સહ-સ્થાપક ગજેન્દ્ર પારીકના જણાવ્યા અનુસાર, સમાજમાં સંયુક્ત પરિવારોનું વિઘટન સતત થઈ રહ્યું છે. સંયુક્ત કુટુંબો તૂટવાને કારણે વડીલોની સંગત ગુમાવી છે જેના કારણે, લોકો હવે એ પણ જાણતા નથી કે અંતિમ સંસ્કાર વખતે કઈ વિધિઓનું પાલન કરવામાં આવે છે. સનાતન ધર્મમાં દિવસનું મહત્વ છે.

પરિવારમાં કોઈના મૃત્યુ પછી ૧૫ દિવસ સુધી કઈ કઈ વિધિ થાય છે, તેની જાણકારી ન્યુક્લિયર ફેમિલી નથી હોતી. આવી સ્થિતિમાં, અમે તેમને સહકાર આપીએ છીએ અને તમામ પ્રકારની વિધિઓ કરાવીએ છીએ. ગજેન્દ્ર પારીકે જણાવ્યું હતું કે, ટીમમાં મહિલાઓ, પુરુષો, વડીલો અને પંડિતો સામેલ છે. જ્યારે ઘરમાં કોઈનું મૃત્યુ થાય છે ત્યારે આ લોકો પૂજાથી લઈને અંતિમ સંસ્કાર સુધીના તમામ કાર્યોમાં જાય છે. કંપની ૧૨ થી ૧૫ દિવસનું સંપૂર્ણ પેકેજ આપે છે. પેકેજની શરૂઆતી કિંમત ૬૦ હજાર રૂપિયા છે. આ ઉપરાંત, ૧૫ દિવસનું સંપૂર્ણ પેકેજ છે, જેમાં પૂજા, બ્રાહ્મણ ભોજન અને અન્ય ધાર્મિક વિધિઓ શામેલ છે. આ માટે કંપની દ્વારા ૧ લાખ ૨૧ હજાર રૂપિયાથી લઈને ૧ લાખ ૫૦ હજાર રૂપિયા સુધીનું પેકેજ આપવામાં આવી રહ્યું છે.

# USAમાં કપરો સમય હવે શરૂ થવાની તૈયારીમાં છે?

### આગામી એકાદ વર્ષમાં આવા લોકોની તકલીફ વધી શકે છે અને તેનું કારણ હશે ૨૦૨૫માં અમેરિકામાં થનારો સંભવિત સત્તાપલ્ટો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

અમેરિકાની હાલની વસ્તી ૩૩ કરોડથી પણ વધારે છે, જેમાં એક કરોડથી વધારે લોકો ઈલીગલી રહેતા ઈમિગ્રન્ટ્સ છે. એક અંદાજ અનુસાર હાલ દેશમાં રહેતા ૧.૧ કરોડ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સમાંથી લગભગ ૭૦ લાખ જેટલા લોકોનો રેકોર્ડ ICEએટલે કે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ પાસે છે, જેમાંથી ૧૩ લાખ જેટલા ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરવાના ઓર્ડર પણ થઈ ચૂક્યા છે, પરંતુ તેમ છતાંય તેઓ અમેરિકામાં જ છે. સ્વાભાવિક છે કે આ ૧૩ લાખ લોકોમાં ગુજરાતીઓની સંખ્યા પણ ઓછી નહીં હોય. અમેરિકાની સરકાર ધારે તો આ લોકોને તાત્કાલિક ધોરણે પોતપોતાના દેશ મોકલી શકે છે, પરંતુ તકલીફ એ છે કે ડિપોર્ટેશનનો ઓર્ડર થયા બાદ આ લોકો ગાયબ થઈ ગયા છે અને હાલ તેઓ ક્યાં છે તેની સરકારને કોઈ માહિતી નથી. આવી જ રીતે વર્ષો પહેલા અમેરિકા ગયેલા ઘણા ગુજરાતીઓ બોર્ડર પર પકડાયા વિના જ મેક્સિકોથી અમેરિકામાં ઘૂસવામાં સફળ થયા હતા અને હાલ પણ તેમની પાસે કોઈ ડોક્યુમેન્ટ્સ નથી. જોકે, આગામી એકાદ વર્ષમાં આવા લોકોની તકલીફ વધી શકે છે અને તેનું કારણ હશે ૨૦૨૫માં અમેરિકામાં થનારો સંભવિત સત્તાપલ્ટો. સૌ કોઈ જાણે છે કે અમેરિકામાં આ વર્ષના અંતમાં ચૂંટણી થવાની છે અને હાલની સ્થિતિમાં પ્રવર્તમાન પ્રેસિડેન્ટ બાઈડનને ટક્કર આપી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પનું પલ્લું ભારે લાગી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે છેલ્લા ઘણા સમયથી અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સના મુદ્દાને ખાસ્સી હવા આપી છે, અને હવે તેમણે જો પોતાને સત્તા મળે તો અમેરિકામાં ઈલીગલી રહેતા લોકોને હાંકી કાઢવા માટે મિલિટરીનો ઉપયોગ કરવાની સાથે ડિટેન્શન કેમ્પ્સ પણ ઉભા કરવાની વાત કરી છે. ટ્રમ્પે પોતાના શાસનકાળ દરમિયાન ૨૦૧૮-૧૯ના વર્ષમાં મેક્સિકો બોર્ડર પરથી આવતા માઈગ્રન્ટ્સની સંખ્યા વધતા બોર્ડર પર મિલિટરી તૈનાત કરવા માટે પણ પ્રયાસ કર્યા



હતા. હાલ અમેરિકામાં રેકોર્ડ સંખ્યામાં માઈગ્રન્ટ્સ આવી રહ્યા છે, ત્યારે ટ્રમ્પ ફરી એકવાર મિલિટરી સ્ટાઈલથી તેમના પર લગામ કસવાની સાથે તેમને મોટી સંખ્યામાં ડિપોર્ટ કરવા માગે છે.

અમેરિકાએ ૧૯૫૪માં આઈઝેક હોવરના શાસનકાળમાં ઓપરેશન વેટબેક શરૂ કર્યું હતું, જેના હેઠળ ૧૦ લાખથી પણ વધુ માઈગ્રન્ટ્સને ડિપોર્ટ કરાયા હતા જેમાંના મોટાભાગના મેક્સિકન્સ હતા. ટ્રમ્પ હવે ફરી આવું જ કંઈક કરવાની વાત કરી રહ્યા છે. ટ્રમ્પના કેમ્પેઈનની પ્રવક્તા કેરોલિન લીવિટનું એવું કહેવું છે કે અમેરિકામાં રહેતા અનડોક્યુમેન્ટેડ માઈગ્રન્ટ્સનો હવે ઘરભેગાં થવાનો સમય આવી ગયો છે, કારણકે ટ્રમ્પ સત્તા સંભાળતાની સાથે જ પોતાની જૂની નીતિઓ ફરી લાગુ કરવાના છે અને અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવા માટે દરેક સંભવ પ્રયાસ કરવાના છે. ટ્રમ્પની બીજી ટર્મમાં અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું ડિપોર્ટેશન ઓપરેશન શરૂ કરવામાં આવશે તેવો પણ તેમનો દાવો છે. ટ્રમ્પે પોતાની પહેલી ટર્મ શરૂ કરતા પહેલા પણ આવી જ વાતો કરી હતી, પરંતુ તેમના નજીકના લોકોનું હવે એવું કહેવું છે કે ટ્રમ્પની બીજી ટર્મમાં આ કામ વધુ અસરકારક રીતે થઈ શકશે. અમેરિકાની સત્તા સંભાળવાનો અનુભવ ધરાવતા ટ્રમ્પ હવે જો ફરી પ્રમુખ બનશે તો ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીમાં વધુ ઓફિસર્સને તૈનાત કરશે, અને તે એવા લોકો હશે કે જે ટ્રમ્પની પોલિસીમાં અડચણરૂપ બનવાને બદલે તેમના ઓર્ડરનું ઝડપથી પાલન કરશે. ટ્રમ્પે પોતાના કેમ્પેઈનમાં એવો પણ દાવો કર્યો છે કે જો પોતે ચૂંટણી જીતી ગયા તો પ્રેસિડેન્ટ બન્યાના પહેલા જ દિવસે તે એક્ઝિટક્યુટિવ ઓર્ડર પર સહી કરીને અનડોક્યુમેન્ટેડ માઈગ્રન્ટ્સના અમેરિકામાં જન્મેલા બાળકોને મળેલા પાસપોર્ટ, સોશિયલ સિક્યોરિટી નંબર અને તમામ પ્રકારના ગવર્મેન્ટ બેનિફિટ્સ પાછા ખેંચી લેશે. ટ્રમ્પના એડવાઈઝર સ્ટિફન મિલરે હાલમાં જ એક પોડકાસ્ટમાં એવું કહ્યું હતું કે જો ટ્રમ્પ ફરી ચૂંટાશે તો મેક્સિકો બોર્ડર સીલ કરી દેવાશે, ત્યાં મિલિટરી ગોઠવવામાં આવશે, નેશનલ ગાર્ડને ફરી એક્ટિવ કરાશે તેમજ ઈલીગલ માઈગ્રન્ટ્સને ઘરભેગાં કરી દેવાશે. ફરી અમેરિકાના પ્રમુખ બનવા માગતા ડોનાલ્ડ ટ્રમ્પનો મુખ્ય મુદ્દો અનડોક્યુમેન્ટેડ માઈગ્રન્ટ્સનો છે, તેઓ લાખો લોકોને ડિપોર્ટ કરવાની વાત કરી રહ્યા છે, પરંતુ સવાલ એ પણ છે કે હાલની સ્થિતિએ આવું કંઈ કરી શકવું ખરેખર શક્ય છે ખરૂં એક રિપોર્ટ અનુસાર હાલ ICE એટલે કે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ પાસે આખા અમેરિકામાં માત્ર છ હજાર ડિપોર્ટેશન ઓફિસર્સ છે.

# દુનિયાનાં સૌથી નિડર પક્ષી જેને માણસોનો નથી કોઈ ડર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

વિશ્વમાં ઘણા પક્ષીઓ સામાન્ય રીતે કોઈપણ જોખમને અનુભવે છે તો તે ત્યાંથી ઉડી જાય છે અથવા નજીકમાં ક્યાંક સંતાઈ જાય છે. કેટલાક પક્ષીઓ એવા હોય છે જે માણસોના આવવા પર પણ ડરતા નથી. કાં તો તેઓને નિડર, બેખોફ અથવા બહાદુર પક્ષી કહી શકાય છે અથવા તેઓને ફક્ત બેવકૂફ પક્ષી કરાર કરી શકાય છે. નૉર્ધન મોકિંગબર્ડ ઉત્તર અમેરિકામાં જોવા મળતું મિશ્રાહારી પક્ષી છે. તેનો નિર્ભય વર્તન ત્યારે જોવા મળે છે જ્યારે તેને પોતાના માળાની રક્ષા કરવાની હોય છે. તેના માટે તે મોટામાં મોટા શિકારી જાનવર અને માણસોની સામે પડી જાય છે. સામાન્ય રીતે આ ખૂબ જ બુદ્ધિમાન પ્રકારના પક્ષી માનવામાં આવે છે. તેઓ બીજા પક્ષીઓના અવાજની નકલ કરે ઠે અને પોતાનો વિસ્તાર હોવાનો સંદેશ આપે છે. નૉર્ધન ગોસહૉક એક પ્રકારનું બાજ છે. પહોળી પાંખો અને લાંબી પૂંછથી ઓળખાતા ગોસહૉક જોવામાં ખૂબ જ સુંદર દેખાય છે. જ્યારે પોતાના બાળકોની રક્ષા કરવાની હોય ત્યારે આ પક્ષી ખૂબ જ ખતરનાક બની જાય છે. પોતાના માળાની રક્ષા કરતા સમયે આ દરેક આક્રમણ કરનાર જાનવર પર હુમલો કરે છે. કેનેડા જે પક્ષી જેને ગ્રે જે અથવા વિસ્કી જેક પણ કહેવામાં આવે છે. તે ગ્રે, કાળા અથવા સફેદ રંગના હોય છે. કાગડા આ પરિવારની પ્રજાતિના હોય છે. ભોજન માટે તે કોઈપણ જગ્યાએ હુમલો કરી દે છે. માણસોથી તે જરાય નથી ડરતું, જ્યારે માણસ તેને ખાવાની લાલચ આપે છે તો પણ તેની પાસે જવામાં તે જરાય નથી ડરતું. શૂબિલ સ્ટ્રોક આફ્રીકામાં જોવા મળતું અજીબ ચહેરાવાળું પક્ષી છે. એવું લાગે છે કે આ જૂના જમાનાનું જાનવર છે. તેની ભારે ચાંચના કારણે તેને શૂબિલ નામ મળ્યું છે. આ માણસોથી ક્યારેય નથી ડરતાં. આ એટલાં નિડર હોય છે કે તે મગરની ઉપર પણ ઉભા રહી જાય છે અને તેમના બાળકોનો શિકાર પણ કરે છે. આ સિવાય સાપ, માછલી વગેરેને પણ તે ખાય જાય છે.

### નેપાળની કુલ વસ્તીના ૮૦ ટકાથી વધુ હિંદુઓ

# મોરેશિયસ હવે સૌથી વધુ ભારતીય વસ્તી ધરાવતો દેશ બની ગયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતમાં ૯૬.૬૩ કરોડ હિંદુઓ છે, જે કુલ વસ્તીના ૭૯ ટકા છે. જો આપણે કુલ વસ્તીની ટકાવારી જોઈએ તો, પાડોશી દેશ નેપાળમાં હિંદુઓની ટકાવારી વધુ છે. નેપાળની કુલ વસ્તીના ૮૦ ટકાથી વધુ હિંદુઓ છે. એ હિસાબે નેપાળમાં સૌથી વધુ હિન્દુ વસ્તી છે એમ કહી શકાય. આ લેખમાં આપણે ભારત અને નેપાળ પછી વિશ્વની ત્રીજી સૌથી મોટી હિન્દુ વસ્તી વિશે જોઈ શકીએ છીએ. સેન્ટ્રલ બ્યુરો ઑફ સ્ટેટિસ્ટિક્સ અનુસાર, ૨૦૨૧ની વસ્તી ગણતરી મુજબ, નેપાળમાં સંખ્યાની દ્રષ્ટિએ અહીં ૨ કરોડ ૩૬ લાખ ૭૭ હજાર ૭૪૪ હિન્દુઓ છે. હિંદુઓની સંખ્યા ૮૧.૧૯ ટકા હતી. એક સમયે નેપાળ હિન્દુ રાષ્ટ્ર હતું. પરંતુ ૨૦૦૬માં તેને ધર્મનિરપેક્ષ રાજ્ય જાહેર કરવામાં આવ્યું હતું. નેપાળની સંસ્કૃતિ તિબેટ અને ભારત જેવી જ છે. ટકાવારીની દૃષ્ટિએ નેપાળ વિશ્વનો સૌથી મોટો હિંદુ દેશ છે.

ધાર્મિક અને જાતિ સહિષ્ણુતા નેપાળની મૂળભૂત સંસ્કૃતિ છે. અહીં વૈષ્ણવ, શૈવ, બૌદ્ધ અને સક્તનો પ્રભાવ છે. નેપાળમાં ૯ ટકા બૌદ્ધ અને ૪.૪ ટકા મુસ્લિમો છે. નેપાળ અને ભારત પછી મોરેશિયસમાં સૌથી વધુ હિન્દુઓ છે. હિંદુઓ હવે મોરેશિયસમાં ૫૦ ટકાથી વધુ છે. મોરેશિયસમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, કુલ વસ્તીના ૪૮.૫ ટકા હિંદુઓ છે.

હવે તે ૫૧ ટકા સુધી પહોંચી ગયો હોવાનું માનવામાં આવે છે. ભારતીયોને સૌપ્રથમ ૧૮૩૬માં મોરેશિયસ લઈ જવામાં આવ્યા હતા. આ પછી, ભારતમાંથી બંધાયેલા મજૂરોને ફિજી, જમૈકા, ત્રિનિદાદ, માર્ટીનિક, સુરીનામ અને અન્ય દેશો અથવા ટાપુઓ પર કામ માટે લઈ જવામાં આવ્યા હતા. મોરેશિયસ હવે આફ્રિકા ખંડમાં સૌથી વધુ ભારતીય વસ્તી ધરાવતો દેશ બની ગયો છે. અહીં હિન્દુઓની બહુમતી છે. મોરેશિયસમાં હિંદુ ધર્મ ઈન્ડેન્ટર્ડ લેબર દ્વારા ફેલાવા લાગ્યો.

# લગભગ ૫૦ વર્ષોમાં પ્રથમ વખત કોઈ અમેરિકન અવકાશયાન ચંદ્ર પર ઉતર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

લગભગ ૫૦ વર્ષમાં પ્રથમ વખત કોઈ અમેરિકન અવકાશયાન ચંદ્ર પર ઉતર્યું છે. ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરવા માટેનું પ્રથમ અમેરિકન મિશન એપોલો ૧૭ હતું, જે ૧૯૭૨માં ઉતર્યું હતું. ચંદ્ર પર ઉતરેલા લેન્ડરનું નામ છે - ઓડીસિયસ લેન્ડર. તેને હ્યુસ્ટનની ઈન્ટ્યુટિવ મશીન દ્વારા બનાવવામાં આવ્યું છે. નાસા અનુસાર, તેનું લેન્ડિંગ ભારતીય સમય અનુસાર સાંજે ૪:૫૩ કલાકે થયું હતું. ચંદ્ર પર ઉતરનાર ખાનગી કંપનીનું તે પ્રથમ અવકાશયાન બની ગયું છે. જો કે, જ્યારે ઓડીસિયસ લેન્ડર ચંદ્રની સપાટી પર ઉતર્યું ત્યારે કેટલીક ખામીને કારણે ટીમનો અવકાશયાન સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. પરંતુ વૈજ્ઞાનિકોએ કહ્યું કે તે સુરક્ષિત રીતે લેન્ડ થયું છે અને કામ કરી રહ્યું છે. હવે, અહીંથી મિશન કેવી રીતે આગળ વધે છે તે મહત્વનું નથી, લેન્ડિંગને વ્યાવસાયિક અવકાશયાન અને અમેરિકન અવકાશ ઉદ્યોગ માટે એક સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. આ અવકાશયાન ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતર્યું છે. અમેરિકાનું આ મિશન ૭ દિવસ સુધી સક્રિય રહેશે. કારણ કે ઠંડીના કારણે અવકાશયાન ખરાબ થઈ શકે છે. આ સાથે દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર ભારત પછી અમેરિકા બીજો દેશ બની ગયો છે. ૨૩ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ સાથે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર પ્રથમ દેશ બન્યો.

**વિશેષ** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વડોદરા થી ભરૂચ સુધીના એક્સપ્રેસવેના ૮૭ કિલોમીટર લાંબા ત્રણ પેકેજ રાષ્ટ્રને સમર્પિત કર્યા

# દિલ્હી-મુંબઈ ગ્રીન એક્સપ્રેસ વે : સમૃદ્ધિનો રાજમાર્ગ આગામી સમયમાં દિલ્હી-મુંબઇ ગ્રીન એક્સપ્રેસ વે વડોદરા માટે વિકાસની નવી શક્યતાઓના દ્વાર ખોલશે

કોઈપણ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસ માટે માર્ગો એ કરોડરજ્જુ સમાન હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ સમગ્ર દેશમાં માર્ગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જે નવા ભારતના નિર્માણમાં ધોરીનસ સમાન પુરવાર થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે નવસારીથી ગુજરાતમાં દિલ્હી મુંબઈ ગ્રીન એક્સપ્રેસવેના વડોદરા થી ભરૂચ સુધીમાં ૮૭ કિલોમીટર લાંબા ત્રણ પેકેજ રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. જે વડોદરામાં મુખ્ય લોજિસ્ટિક્સ હબને જોડશે, જેના પરિણામે ભરૂચ અને અંકલેશ્વર વિસ્તારમાં નોંધપાત્ર આર્થિક વિકાસ થશે.

સમગ્ર રાજ્યમાં એક મજબૂત રોડ નેટવર્કનું નિર્માણ કરવું એ ગુજરાત સરકારની મુખ્ય પ્રાથમિકતાઓમાંનું એક છે. આ દિશામાં રાજ્યના વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના ત્રણ ભાગોનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે. એમાં પહેલો ભાગ, ૩૧ કિમી લાંબો મનુબરથી સાંપાનો છે, જેને રૂ.૨૪૦૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. આ જ રીતે, બીજો ભાગ લગભગ ૩૨ કિમી લાંબો સાંપાથી પાદરાનો છે, જેને રૂ. ૩૨૦૦ કરોડથી વધુના ખર્ચે અને ત્રીજો ભાગ ૨૩ કિમી લાંબો પાદરાથી વડોદરાનો છે, જેને રૂ.૪૩૦૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. આ રીતે રૂ.૧૦ હજાર કરોડથી વધુના NHAIના ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ વડાપ્રધાનશ્રી આજે જનતાને સમર્પિત કર્યા હતા.

ગુજરાત સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ વે ની (DME)નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા





દ્વારા અંદાજે રૂ. ૯૮ હજાર કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલો આ ૧,૩૮૦ કિલોમીટર લાંબો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ વે હશે. આ એક્સપ્રેસ વે દેશની રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને આર્થિક રાજધાની મુંબઈને જોડશે.

આ ઉપરાંત હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થતા આ એક્સપ્રેસ વેમાં જયપુર, કિશનગઢ,અજમેર, કોટા, ચિત્તોડગઢ, ઉદયપુર, ભોપાલ, ઉજ્જૈન, ઈન્દોર, અમદાવાદ, વડોદરા, સુરત શહેરની આર્થિક પ્રવૃત્તિઓ સાથે લાખો લોકો માટે આર્થિક સમૃદ્ધિ લાવશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ન્યૂ ઈન્ડિયાની સંકલ્પના કરવામાં આવી છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે ના કામની શરૂઆત માર્ચ-૨૦૧૯ માં કરવામાં આવી હતી. તેની અગત્યની કડી રૂપે ગુજરાતમાં ૪૨૩ કિલોમીટરનો એક્સપ્રેસ વે કુલ રૂ. ૩૫,૧૦૦ કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે.

ગુજરાત દેશનું મોટું આર્થિક કેન્દ્ર છે. દાહોદ, લીમખેડા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત અને વલસાડ સહિત અન્ય શહેરોને કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રાજ્યભરમાં અનેક ઈન્ટરચેન્જની યોજના છે. આ એક્સપ્રેસ વે વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે દ્વારા રાજ્યની રાજધાની સાથે પણ જોડાશે. ગુજરાતમાં ૬૦ મોટા પુલ, ૧૭ ઈન્ટરચેન્જ, ૧૭ ફ્લાયઓવર અને ૮ આર. ઓ.બીનું નિર્માણ કરવામાં આવનાર છે.

ગુજરાત રાજ્યમાં આ કોરિડોરની મુખ્ય વિશેષતા એ છે કે દિલ્હી-વડોદરા વિભાગમાં ટકાઉ ડિઝાઈન સાથે આયોજિત નવીન પેવમેન્ટ ડિઝાઈન અને એક્સપ્રેસ-વે ને ટકાઉ બનાવવા માટે આબોહવાની પરિસ્થિતિઓના આધારે વડોદરા-મુંબઈ વિભાગ માટે કોંક્રિટ પેવમેન્ટ ડિઝાઈન કરવામાં આવી છે.

બે કિ.મી લાંબો એક્સ્ટ્રાડોઝ કેબલ સ્પાન બ્રિજ, ભરૂચ નજીક નર્મદા નદી પર એક આઈકોનિક બ્રિજ એક્સપ્રેસ વે પર બાંધવામાં આવતો ભારતનો પ્રથમ ૮ -લેન પુલ હશે. ભરૂચ શહેર નજીક આઈકોનિક ઈન્ટરચેન્જ સાથે દેશમાં એક્સપ્રેસ -વે વિકાસની ઓળખને નવી ગતિ આપશે. રાજ્યમાં રોજગારીની તકો ઊભી કરવા તેમજ મુસાફરી માટે વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવા માટે ગુજરાતમાં ૩૩ રોડસાઈડ સુવિધાઓ (WSAs)નું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સમગ્ર એક્સપ્રેસ-વેનો એક હિસ્સો વડોદરા-ભરૂચનો ૮૭ કિલોમીટરનો વિસ્તારનું બાંધકામ પૂર્ણ થતાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે જનતાને સમર્પિત કર્યો હતો. આગામી સમયમાં મુંબઈ સુધીનો બાકીનો હિસ્સો ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે જેનાથી વડોદરાથી મુંબઈ માત્ર સાડા ત્રણ કલાકમાં પહોંચી જવાશે. આ નવા એક્સપ્રેસ-વે નું સંપૂર્ણ કામ પૂર્ણ થશે ત્યારે દિલ્હી અને મુંબઈ વચ્ચેનો મુસાફરીનો સમય લગભગ ૨૪ કલાકથી ઘટીને ૧૨ કલાક થવાની ધારણા છે એટલે ૫૦ ટકા જેટલી સમયની બચત થશે.

## ન્યૂઝ બ્રિફ

### હવે ગુજરાતમાં પોલીસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સાયબર ક્રાઇમને મ્હાત આપશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।


સાયબર ક્રાઈમ સરકાર માટે માથાનો દુખાવો બની ગયો છે. હવે સરકારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા તેનો સામનો કરવાની તૈયારી કરી લીધી છે. સરકાર દ્વારા ટૂંક સમયમાં સંચાર સાથી પોર્ટલ પર આ સુવિધા શરૂ કરવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ઉપભોક્તા શંકાસ્પદ કોલ, સ્પામ કે નંબર વિશે માહિતી આપી શકે છે. આ પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડેટા ઈન્ટેલિજન્સ યુનિટ તેની તપાસ શરૂ કરશે. સંચાર સાથીમાં ફરિયાદ નોંધ્યા પછી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ડેટા ઈન્ટેલિજન્સ યુનિટ તે નંબરની કુંડળી કાઢશે. DIU જણાવશે કે નંબર કોના નામે છે? KYCની વિગતો શું છે? તે ક્યાંથી ચલાવવામાં આવી રહી છે? આ સાથે તે ગ્રાહકના સ્થાન અને પ્રવૃત્તિની તપાસ કરવામાં આવશે. આ તમામ વિગતો ગૃહ મંત્રાલય સાથે પણ શેર કરવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તરત જ તેના આઉટગોઈંગ કોલને બંધ કરી દેશે. આ પછી ગ્રાહકને ફરીથી KYC માટે પૂછવામાં આવશે. ટેલિકોમ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગયા વર્ષે મે મહિનામાં સંચાર સાથી પોર્ટલ લોન્ચ કર્યું હતું. સંચાર સાથીની મદદથી મોબાઈલ ફોન ખોવાઈ જાય કે ચોરાઈ જાય તો તેને કેવી રીતે બ્લોક, ટ્રેક અને ટ્રેસ કરી શકાય છે. તેનાથી તેનો ડેટા અને અંગત વસ્તુઓ સુરક્ષિત રાખવામાં મદદ મળશે, તે સિમ કાર્ડની સાથે ફોનને પણ બ્લોક કરી શકે છે. સંચાર સાથી પોર્ટલનો ઉપયોગ કરીને અત્યાર સુધીમાં ૪૦ લાખથી વધુ છેતરપિંડી કરનારા કનેક્શનની ઓળખ કરવામાં આવી છે.

### લુણાવાડામાં યુવકે વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી જીવન ટૂંકાવવા દવા પીધી

। (એજન્સી) મહીસાગર, તા.૨૩ ।

મહીસાગરના લુણાવાડામાં વ્યાજના વિષચક્રમાં ફસાયેલા યુવાને ઝેરી દવા ગટગટાવી હોવાની ઘટના સામે આવી છે. લુણાવાડામાં રહેતા ભાતિયારા વસિમે દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. યુવક હાલ લુણાવાડાની જનરલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે. બે વ્યાજખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર, ભાતિયારા વસિમ નામના યુવકે વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળી જીવન ટૂંકાવવા દવા પીધી હોવાની વિગત મળી છે. વ્યાજખોર હિતેશ જોષી અને કમલેશ તેલી વિરૂદ્ધ લુણાવાડા પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.





ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે માટે ડોમ બનાવવામાં આવી રહ્યા છે.

#### નરોડા પોલીસ મથકમાં ફિરાયદ નોંધાવાઈ

## ક્ષત્રિય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતને મારી નાખવાની ધમકી

### કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના સાગરિતો દ્વારા ધમકી આપવામાં આવી છે તેવી ફરીયાદ દાખલ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ક્ષત્રિય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતને અજાણ્યા શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નરોડા પોલીસ મથકે નોંધવામાં આવી છે. જેમાં તેમને આગામી પાંચમી જાન્યુઆરી સુધીમાં જાનથી મારી નાખવાનો કોલ અજાણ્યા લોકોએ કર્યો હતો. આ અંગે નરોડા પોલીસે તપાસ શરુ કરી છે. મળતી માહિતી અનુસાર કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના સાગરિતો દ્વારા ધમકી આપવામાં આવી છે તેવી ફરીયાદ દાખલ કરવામાં આવી છે. રાષ્ટ્રીય કરણી સેનાના સંસ્થાપક અને રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવતને ગત ૧૮મી જાન્યુઆરીના રોજ કોઈ અજાણ્યા



મોબાઈલ નંબર પરથી કોઈ ઓફિસમાં કોલ કરીને પાંચમી જાન્યુઆરી સુધીમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. કરણી સેનાની વિઠ્ઠલપ્લાઝા હરિદર્શન પાસે આવેલી ઓફિસના નંબર પર સતત ધમકી મળી હતી. જે અંગે નરોડા પોલીસ મથકે તેમણે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

#### પોલીસ દ્વારા વેરાળવ બંદરના નલિયા ગોળી કાંઠે દરોડા

## વેરાવળ બંદરે ફિશિંગ બોટમાંથી ૩૫૦ કરોડના હેરોઈનનો જથ્થો જપ્ત

### એસઓજીઅને એનડીપીએસની ટીમ દ્વારા ઓપરેશન સંયુક્ત રીતે અને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું

। (એજન્સી) વેરાવળ, તા.૨૩ ।

ગીર સામનાથના વેરાવળ બંદર પરથી એક શંકાસ્પદ બોટમાંથી પોલીસે અંદાજીત ૩૫૦ કરોડની કિંમતનો ૫૦ કિલો હેરોઈનનો જથ્થો ઝડપી લીધો હતો. સાથે ત્રણ મુખ્ય આરોપીઓ સહિત નવ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. મોડી રાત્રે બાતમીને આધારે પોલીસે શંકાસ્પદ ફિશિંગ બોટને ઝડપી પાડીને નશીલો જથ્થો કબજે કર્યો હતો. મળતી માહિતી અનુસાર, ગુજરાત પોલીસ દ્વારા વેરાળવ બંદરના નલિયા ગોળી કાંઠે દરોડા પાડવામાં આવતા એક ફિશિંગ બોટમાંથી રૂપિયા ૩૫૦ કરોડના ૫૦ કિલોના સિલબંધ હેરોઈનનો જથ્થો મળી આવ્યો હતો. એસઓજીઅને એનડીપીએસની ટીમ



દ્વારા ઓપરેશન સંયુક્ત રીતે અને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું છે. નવ આરોપીઓની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરપવામાં આવી. જો કે, હાલ આટલી માત્રામાં ડ્રગ્સ પકડાતાં એફએસએલ,ગીર સોમનાથ એસઓજીઅને એલસીબીસહિત તપાસ શરુ કરવામાં આવી છે.

#### લાયન્સના પ્રેસિડેન્ટ અમદાવાદની મુલાકાતે

## કોલેજ આધારિત ૨૫ લીઓ ક્લબની સ્થાપના કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

લાયન્સ ક્લબ્સના ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ ડૉ. પેટ્ટી હિલ, કેનેડાથી ૨૩-૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન ગુજરાતની મુલાકાતે આજરોજ શહેરમાં આવ્યા હતાં. ડો.પેટ્ટી હિલે ગુજરાત કોલેજ પાસે ૨૫૦૦૦ સ્કેવર ફૂટ મોટા રોહિત મહેતા મેડિકલ હબ અને બીજા લાયન્સ કિડની ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું, તેમજ રોહિત મહેતા મેડિકલ હબને સંપૂર્ણ સુવિધાયુક્ત લાયન્સ મોબાઈલ(મેડિકલ) વાન સોંપી હતી.

શહેરની વિવિધ પેથોલોજી લેબમાં થતાં વિવિધ ટેસ્ટોની કિંમતના ૩૦ ટકા જેટલા ચાર્જમાં રોહિત મહેતા મેડિકલ હબ ખાતેની પેથોલોજી લેબમાં વિવિધ ટેસ્ટ કરી આપવામાં આવશે. આ પ્રસંગે લાયન્સ પ્રવીણ છાજડ (પીઆઈડી) તેમજ ગુજરાતના સાતેય ડીસ્ટ્રીક્ટ ગર્વનરો તેમજ ભૂતપૂર્વ ગર્વનરો ઉપસ્થિત રહ્યા હતાં. રોહિત મહેતા મેડિકલ હબ ખાતે લોકાર્પણ કરાયેલા ડાયાલિસિસ સેન્ટર માટે પાર્વતીદેવી શંકરલાલ ચૌધરી તરફથી રૂ. ૧ કરોડનું દાન સંસ્થાને પ્રાપ્ત થયું છે અને રોહિત મહેતા મેડિકલ હબને સંપૂર્ણ સુવિધાયુક્ત મેડિકલ વાન એમપી ફાયનાન્સિયલ દ્વારા દાનમાં આપવામાં આવી છે. ડૉ. પેટ્ટી હિલ આવતીકાલે લાયન્સના હાલના વિવિધ પ્રોજેક્ટ્સની મુલાકાત લેશે, જેમાં ઓગણજ ખાતે આવેલી લાયન્સ કર્ણાવતી આંખની હોસ્પિટલ, ૨૦ વર્ષથી ચાલતી એલએમએલ સ્કૂલ, રોહિત મહેતા મેડિકલ હબ, લાયન્સ બ્લડ બેંક વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૬૩ નવી લાયન્સ ક્લબનું ઉદ્ઘાટન કરશે, જેમાં ૧૨૦૦થી વધારે લોકો લાયન્સ ક્લબની મેમ્બરશીપ સાથે જોડાશે. તેમજ અમદાવાદ આગામી આઈએસએએમઈ ફોરમ ૨૦૨૫નું આયોજન કરી રહ્યું છે તે અંગેની જાહેરાત કરશે. અગાઉ અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૦૪ અને ૨૦૧૫ માં બે આઈએસએએમઈ ફોરમનું સફળતાપૂર્વક આયોજન થઈ ચુક્યું છે. રવિવારે ડો. પેટ્ટી હિલ તેમની ગુજરાત મુલાકાત દરમિયાન, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. નીરજા અરુણ ગુપ્તા સાથે ગુજરાત યુનિવર્સિટીના સહયોગથી કૉલેજ-આધારિત ૨૫ લીઓ ક્લબની સ્થાપના કરશે. આ કોલેજ-આધારિત લીઓ ક્લબ યુવાનોને નેતૃત્વ, સેવાનો અનુભવ વિકસાવવા અને તેમને જવાબદાર નાગરિક બનવા માટે તૈયાર કરવાની તક પૂરી પાડશે.

#### ચૂંટણી પહેલાં સરકારી કર્મચારીઓએ બાંયો ચઢાવી

## વિવિધ માગણી સાથે ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓના દેખાવો

### સરકાર માટે જુની પેન્શન યોજનાનો મુદ્દો માથાના દુખાવો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ફરી એકવાર સરકારી કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓને લઈને ગાંધીનગરમાં આંદોલન શરુ કર્યું છે. ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણીમાં આજે સરકારી કર્મચારીઓ દેખાવ કર્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર સંયુક્ત કર્મચારી મહામંડળ તરફથી આ વિરોધ પ્રદર્શનની જાહેરાત કરવામાં આવી છે. હાલ આ વિરોધ પ્રદર્શનને કારણે સત્યાગ્રહ છાવણીમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે પણ ગુજરાતમાં જુની પેન્શન યોજના માટે આંદોલન શરૂ થયુ હતુ ત્યારે હવે લોકસભાની ચૂંટણી નજીક આવી રહી હોઈ ગુજરાત સરકાર માટે જુની પેન્શન યોજનાનો મુદ્દો માથાના દુખાવા સમાન બની રહ્યો છે. કારણકે ઘણા સમયથી કર્મચારીઓ ઉગ્ર માંગણી કરી રહ્યા છે અને કેટલાક રાજ્યમાં નવી પેન્શન યોજનાને રદ કરીને જુની પેન્શન યોજના લાગુ કરી દેવાઈ છે. રાજ્યના સરકારી કર્મચારીઓ પણ ગુજરાતમાં ફરીથી જુની પેન્શન યોજના શરુ કરવાની માંગ કરી રહ્યા છે.

#### ભરૂચ બેઠકને લઈને કોંગ્રેસ-આપ વચ્ચે મામલો ગુંચવાયો

## અહેમદ પટેલના પુત્રનો ભરૂચ બેઠક પરથી ચૂંટણી લડવા દાવો

### માત્ર મારું દિલ નહીં, હજારો કાર્યકર્તાઓનું દિલ તૂટશે

### હાઈકમાન્ડ બેઠકને લઈને વિચારીને નિર્ણય કરશેઃ મુમતાઝ

। (એજન્સી) ભરુચ, તા.૨૩ ।

આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ભરૂચ બેઠકને લઈને મામલો ગૂંચવાયો છે. કોંગ્રેસના દિવંગત નેતા અહેમદ પટેલની આ બેઠકને ઈમોશનલ ગણાવીને આમ આદમી પાર્ટીને આપવા નથી માંગતા. આ વચ્ચે અહેમદ પટેલના દીકરા ફૈઝલ પટેલે ખાનગી ન્યૂઝ ચેનલ સાથે વાતચીતમાં કહ્યું કે, 'ભરૂચ બેઠક પર હું દાવેદાર છું. આમ આદમી પાર્ટીના ઉમેદવાર અહીંથી જીતી નહીં શકે. મેં અહીં સતત મહેનત કરી છે. મારી આ બેઠકને લઈને હાઈકમાન્ડ સાથે વાતચીત થઈ છે. હું બહેન મુમતાઝ પણ ઈચ્છે છે કે હું આ બેઠકથી લોકસભા ચૂંટણી લડું. તેમણે ૧૦ જાન્યુઆરીએ જ મને આ અંગે કહી દીધું હતું. તે સંગઠનમાં કામ કરશે અને હું લોકસભા ચૂંટણી લડીશ.' અહેમદ પટેલના દીકરા ફૈઝલે ન માત્ર કોંગ્રેસના કોટાથી ભરૂચ બેઠક માંગી, પરંતુ એ પણ કહ્યું કે બહેન મુમતાઝ નહીં, તે આ બેઠક પર દાવેદાર છે. ત્યારે ભરૂચની બેઠક પર આપ-કોંગ્રેસ ગઠબંધન અને વાત ન બનાવા પર મુમતાઝ પટેલે કહ્યું કે, તેને લઈને પાયાના કાર્યકર્તાઓમાં આક્રોશ છે.









## છોટાઉદેપુર શહેરમાં ઘેટાં-બકરાની જેમ મુસાફરોને લઈને જતાં ખાનગી વાહનો

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૨૩ ।

છોટાઉદેપુર શહેર જિલ્લાનું મથક હોય શાળાઓ, મહાશાળાઓ આવેલી હોય જીલ્લા અને તાલુકા કક્ષાની ઓફિસો છોટા ઉદેપુર મથકે આવેલી હોય જ્યારે ખેતીને લગતા કામો, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે ગ્રામિણ વિસ્તારોમાંથી મોટાં પ્રમાણમાં પ્રજા આવતી હોય છે જેઓને એસટી બસની અનિયમિતતાને કારણે ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે. જેનો વાહન માલિકો દુરૂપયોગ કરતાં હોય તેમ નરી આંખે જોવા મળી રહ્યુ છે. હાલમાં છોટા ઉદેપુરના અલીરાજપુર નાકા પાસે જીપની અંદર ઘેટાં બકરાંની જેમ મુસાફો બેસાડવામાં આવ્યા હોય અને બહાર પણ લટકેલા જોવા મળી રહયા છે.શાળા કોલેજમાં અભ્યાસ કરતા યુવાનો જીપની પાછળ લટકેલા હોય તેમ જોવા મળી રહ્યુ છે. ચાર રસ્તા ઓ કે નગરનાં નાકાઓ ઉપર પોલિસ બંદોબસ્ત મૂકવામાં આવતો હોય છે તો આ વાહનોમાં ક્ષમતા કરતાં વધારે મુસાફો ભરતા હોય તો કેમ અટકાવવામાં આવતાં નથી? લાખોના ખર્ચે છોટા ઉદેપુર નગરમાં સીસી ટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે આ કેમેરામાં ખાનગી વાહનો દેખાતા નહિ હોય ? ઈ મેમો વાહન ચાલકોને તૈયારીમાં મળી જતો હોય છે. તો શું આટલા બધા લગાડેલા કેમેરા માત્ર ગરીબ પ્રજાને મેમો આપવાં માટે જ છે.? તે પ્રશ્ન પ્રજામાં ઉદભવ્યો છે. છોટા ઉદેપુર પંથકમા નરી આંખે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન થતુ જોવા મળી રહ્યુ છે. ગ્રામિણ વિસ્તારોમાંથી છોટા ઉદેપુર અવર જવર કરતાં ખાનગી વાહનો ખૂબ મોટી સંખ્યામાં રોજ બરોજ જતાં હોય છે. જેઓ ક્ષમતા કરતાં વધારે મુસાફો ગાડીમાં લઈ જતા જોવા મળે છે. પરતું શું આ વાહનોને ટ્રાફિકના નિયમો લાગુ પડતાં નથી કે કેમ? તે એક જટિલ પ્રશ્ન થઈ પડયો છે. ઘણાં સમયથી છોટા ઉદેપુરના ચાર રસ્તાઓ , પિકઅપ સ્ટેન્ડ તથા ચાર નાકાઓ ઉપર ક્ષમતા કરતાં વધારે મુસાફો ભરી ભરીને ખાનગી વાહનો દોડતા નજરે ચઢે છે.

## હવે ટુંક સમયમાં જામનગરમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનશે

। (એજન્સી) જામનગર, તા.૨૩ ।

જામનગરના ધારાસભ્ય રિવાબાની એક રજૂઆત પર સરકારની મ્હોર લાગી છે. જામનગર માટે ધારાસભ્ય રિવાબાએ એક પ્રોજેક્ટ સૂચવ્યો હતો. જે પ્રોજેક્ટને મંજૂરી મળી ગઈ છે. રિવાબાની રજૂઆત પર હવે જામનગરમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનશે. ટૂંક સમયમાં જ મુખ્યમંત્રીના હસ્તે આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત થશે. જામનગરમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બને અને અહીંના વિદ્યાર્થીઓએ સ્પોર્ટસમાં આગળ વધે તે હેતુથી ધારાસભ્ય રિવાબાએ રમતગમત મંત્રી હર્ષ સંઘવીને પત્ર લખ્યો હતો. જામનગરમાં સ્પોર્ટસ કોચીંગ સેન્ટર બને તે માટે જમીનનો વર્ગફેર કરાવી આપવા ભારપૂર્વક ભલામણ કરી હતી. રિવાબાએ રજૂઆત કરી હતી કે, જામનગરના યુવક યુવતીઓ રમત ગમત માટે ખૂબ જ ઉત્સાહી છે. તેથી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આ કોચિંગ સેન્ટરની જરૂરિયાત છે. જે અંતર્ગત ડિસ્ટ્રીક્ટ કોચિંગ સેન્ટરની તાતી જરૂરિયાત છે. જે માટે જમીન ફાળવવામાં આવે. ત્યારે ગુજરાત સરકારે આ પ્રોજેક્ટને મંજૂરી આપી છે.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨